નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper




રાજકોટ જિલ્લાના ૧૦૮ વિસ્તાર 'નો ડ્રોન ઝોન' જાહેર

જુઓ પેજ નં.૭

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :25 OCTOBER 2024 | FRIDAY | Page :8 | Year : 2 | Issue :177 | Price: 2/-



# ઓડિશાના દરિયાકાંઠે ચક્રવાત દાના ત્રાટક્યું

## ધામરામાં વૃક્ષો ધરાશાયી; કોલકાતા એરપોર્ટ સવારે ૯ વાગ્યા સુધી બંધ; બંગાળ સહિત ૭ રાજ્યો પર અસર

નવી દિલ્હીઃ બંગાળની ખાડીમાંથી ઉદભવેલું ચક્રવાતી તોફાન 'દાના' સવારે લગભગ ૧૨.૩૦ વાગ્યાથી ઓડિશાના દરિયાકાંઠે લેન્ડફોલ કરી રહ્યું છે. ઈંખઉના જણાવ્યા અનુસાર, લેન્ડફોલ પહેલા તોફાન છ કલાકમાં ૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધ્યું હતું. તેની લેન્ડફોલ પ્રક્રિયા ૫ કલાક સુધી ચાલશે અને તે ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ઓડિશાના ઉત્તરીય ભાગમાંથી પસાર થશે.

તે કેન્દ્રપારા જિલ્લામાં ભીતરકણિકા અને ભદ્રક જિલ્લાના ધમરા વચ્ચેના દરિયાકિનારે પહોંચ્યું હતું અને પવન લગભગ ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયો હતો. વાવાઝોડાને કારણે ધામરા સહિત અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા છે. આ વાવાઝોડાની અસર પશ્ચિમ બંગાળ પર પણ પડી રહી છે.કોલકાતાનું નેતાજી સુભાષ ચંદ્ર બોઝ એરપોર્ટ ગુરુવારે સાંજે ૬ વાગ્યાથી શુક્રવારે સવારે ૯ વાગ્યા સુધી બંધ રાખવામાં આવ્યું છે. તે જ સમયે, દાનાના ખતરાને જોતા, પશ્ચિમ બંગાળ સરકારે અત્યાર સુધીમાં અસરગ્રસ્ત વિસ્તારોમાંથી ૧,૫૯,૮૩૭ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા છે. તેમાંથી ૮૩,૫૩૭ લોકોને રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા છે.

દાનાની અસરને કારણે ઓડિશાના દરિયાકાંઠે વરસાદ પડી રહ્યો છે. ભદ્રક, કેન્દ્રપરા સહિતના કેટલાક સ્થળોએ ૩૦ સેમીથી વધુ એટલે કે ૧૨ ઇંચ (એક ફૂટ) વરસાદ પડી શકે છે. બાકીના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૨૦ સેમી સુધી વરસાદની શક્યતા છે. ઓડિશાના ૧૪ જિલ્લામાંથી ૧૦ લાખ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા નકશા અનુસાર ચક્રવાત ઓડિશાના દરિયાકાંઠે ટકરાશે, જેના કારણે પશ્ચિમ બંગાળમાં પણ ભારે વરસાદ થશે.હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા નકશા અનુસાર ચક્રવાત ઓડિશાના દરિયાકાંઠે ટકરાશે, જેના કારણે પશ્ચિમ બંગાળમાં પણ ભારે ધામરામાં ભારે વરસાદ સાથે જોરદાર પવન ફૂંકાઈ રહ્યો છે.ધામરામાં ભારે વરસાદ સાથે જોરદાર પવન ફૂંકાઈ રહ્યો છે.તોફાનના કારણે પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુરના જૂના દિઘા બીચ પર ઊંચા મોજા ઉછળ્યા હતા.

ઓડિશાના પુરી બીચ પર વાવાઝોડું લેન્ડફોલ કરે તે પહેલા લોકોને એલર્ટ કરવામાં આવ્યા હતા. વાવાઝોડું દરિયાકાંઠે પહોંચે તેના ૧૨ કલાક પહેલા પણ ભદ્રકમાં ભારે પવન અને વરસાદ ફૂંકાઈ રહ્યો છે.સ્થાનિક પોલીસે ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી બાળકો અને લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા.બ સ્થાનિક પોલીસે ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી બાળકો અને લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા.

# સંજીવ ખન્ના હશે ભારતના આગામી ચીફ જસ્ટિસ,૧૧ નવેમ્બરે લેશે શપથ, રાષ્ટ્રપતિએ કરી નિમણૂક



જસ્ટિસ સંજીવ ખન્ના દેશના આગામી મુખ્ય ન્યાયાધીશ બનશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ ભારતના આગામી ચીફ જસ્ટિસ તરીકે તેમની નિમણૂક કરી છે. વર્તમાન ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ ૧૦ નવેમ્બરે નિવૃત્ત થશે અને જસ્ટિસ ખન્ના ૧૧ નવેમ્બરથી ચીફ જસ્ટિસનું પદ સંભાળશે. તેઓ દેશના ૫૧માં ચીફ જસ્ટિસ બનશે. તેઓ ૧૩ મે ૨૦૨૫ના રોજ નિવૃત્ત થશે આમ તેમનો કાર્યકાળ લગભગ છ મહિના જેટલું હશે.

૧૯૮૩માં વકિલાતની પ્રેક્ટિસ શરૂ કરનારા જસ્ટિસ ખન્ના ૨૦૦૫માં દિલ્હી હાઈકોર્ટના જજ બન્યા. જાન્યુઆરી ૨૦૧૯માં તેમને સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિયુક્ત કરાયા હતા. તેમને ફોજદારી, સિવિલ, ટેક્સ અને બંધારણીય કાયદાઓના નિષ્ણાત માનવામાં આવે છે. તેમનો એક પરિચય એ પણ છે કે તે પ્રખ્યાત જજ જસ્ટિસ હંસ રાજ ખન્નાના ભત્રીજા છે. જસ્ટિસ એચ.આર. ખન્ના ઈમરજન્સી સમયની ૫ જજોની બેન્ચના એક માત્ર જજ હતા જેમણે ઈમરજન્સી દરમિયાન લોકોની વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકાર અંગે અન્ય જજોથી અલગ મત આપ્યું હતું. જસ્ટિસ સંજીવ ખન્નાએ સુપ્રીમ કોર્ટમાં પોતાના કાર્યકાળ દરમિયાન ઘણા મોટા નિર્ણયો આપ્યા છે. તેમણે લોકસભા ચૂંટણી પ્રચાર માટે તત્કાલિન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપ્યા હતા. મનીષ સિસોદિયાને જામીન આપતી વખતે તેમણે

# જન્મ તારીખના પુરાવા તરીકે આધાર કાર્ડ યોગ્ય ડોક્યુમેન્ટ નથીઃ સુપ્રીમ કોર્ટનો નિર્ણય

### સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટના આધારે ઉંમર નક્કી કરવી જોઈએ : સુપ્રીમ કોર્ટની બેંચ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ગુરુવારે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના નિર્ણયને રદ્દ કર્યો હતો. આ નિર્ણયમાં પીડિતાની ઉંમર નિર્ધારિત કરવા માટે આધાર કાર્ડમાં લખેલી જન્મતારીખને સ્વીકારવાનું કહેવામાં આવ્યું હતું. જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની બેન્ચે ઉંમરના પુરાવા તરીકે આધાર કાર્ડનો ઉપયોગ અયોગ્ય ગણાવ્યો હતો. તેમણે નોંધ્યું કે, મૃતકની ઉંમર નક્કી



કરવા માટે આધાર કાર્ડમાં નોંધાયેલી જન્મતારીખનો ઉલ્લેખ કરવાને બદલે મૃતકની ઉંમર જુવેનાઈલ જસ્ટિસ અધિનિયમ ૨૦૧૫ની કલમ ૯૪ હેઠળ સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટના આધારે નક્કી કરી શકાય છે. આ કેસમાં મોટર એક્સિડેન્ટસ ક્લેમ ટ્રિબ્યુનલ દ્વારા નક્કી કરવામાં આવેલા રૂ. ૧૯,૩૫,૪૦૦ના વળતરને હાઈકોર્ટે ઘટાડીને રૂ. ૯,૨૨,૩૩૬ કર્યું હતું કારણકે, મૃતકના આધાર કાર્ડમાં નોંધવામાં આવેલી જન્મ તારીખ પર આધાર રાખીને તેની ઉંમર ૪૭ વર્ષની ગણીને ૧૩નો ગુણાંક લાગુ કરવામાં આવ્યો હતો.



તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# વધુ એક યુદ્ધનો ખતરો



બે અલગ અલગ મિજાજના યોદ્ધાઓ કોમન દુશ્મનને હરાવવા એક થાય, સાથે મળીને જીવ પર આવીને લડે, બંનેની સંયુક્ત શક્તિથી આખરે દુશ્મન હારી જાય. પણ પછી એ બંને યોદ્ધાઓ વચ્ચે જ આંતરિક સ્પર્ધા થાય. બંને એમ માને કે પોતાની શક્તિથી વિજય મળ્યો છે એટલે દુશ્મનના પરાજય પછી એને વધારે ફાયદો થવો જોઈએ. કોમન દુશ્મન સામે લડતા હોય ત્યારે એ બંને યોદ્ધાઓમાં એકતા દેખાતી હોય, પરંતુ મૂળે બંનેનો મિજાજ જુદો જુદો હોય એટલે કાયમી દોસ્તી થઈ શકે નહીં. સ્પર્ધા નિરંતર ચાલતી રહે અને એક સમય એવો આવે કે બંને યોદ્ધાઓ જ એકબીજાના દુશ્મન બની જાય.

આવું જ વિશ્વયુદ્ધ પછી અમેરિકા-રશિયા વચ્ચે થયું. હિટલરના હાહાકાર સામે બંને જુદા જુદા મિજાજના દેશો એક તો થઈ ગયા, પરંતુ અસલી લડાઈ હિટલરને હરાવ્યા બાદ શરૂ થઈ, જેને દુનિયાએ કોલ્ડવોરનું નામ આપ્યું. બંનેએ હિટલર અને એના સાથી દેશોને હરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી એટલે જે પ્રદેશો ધરી દેશોના આધિપત્યમાંથી મુક્ત થયા એને પોતાની તરફ વાળવાની હોડ જામી. એમાંનો એક પ્રદેશ હતો - કોરિયન દ્વિપકલ્પ.

પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં ૧૯૧૦માં જાપાને આખાય કોરિયન દ્વિપકલ્પ પર અંકુશ મેળવ્યો હતો. બીજા વિશ્વયુદ્ધમાં જાપાનને હરાવ્યા બાદ રશિયા અને અમેરિકા વચ્ચે કોરિયન પ્રદેશ પર પોતાનું પ્રભુત્વ સ્થાપવા હોડ જામી. તે વખતે સીઓલ આખાય કોરિયન દ્વિપકલ્પનું કેપિટલ હતું, તેના પર અમેરિકાનો કબજો હતો. ઉત્તરના હિસ્સામાં રશિયાનો અંકુશ હતો. વિશ્વયુદ્ધ પૂરું થયું પછીય આ સ્થિતિ યથાવત રહી. જાપાન ગયું પછી કોરિયામાં બે શક્તિશાળી મોરચા ઓપન થયા.

કોલ્ડ વોરની શરૂઆત થઈ ચૂકી હતી. નવા નવા બની રહેલા દેશોને રશિયા-અમેરિકા એકબીજા તરફ ખેંચવાનો પ્રયાસ કરતા હતા. મિત્રદેશો અને ધરીદેશોને બદલે વિશ્વયુદ્ધ પછી સોવિએટ યુનિયન અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા - એમ બે ગ્રુપ બન્યા. એનો સૌપ્રથમ અનુભવ કોરિયામાં થયો. ૧૯૫૦થી કોરિયન યુદ્ધ શરૂ થયું. રશિયન આર્મીએ પ્યોગયાંગ તરફ ડેરો ડાલ્યો. એ તરફના લશ્કરી અધિકારીઓ અને નેતાઓ રશિયા તરફી રહીને નવો દેશ બનાવવા માગતા હતા. અમેરિકન આર્મીએ સીઓલમાં તંબુ તાણ્યા. એ તરફના લશ્કરી અધિકારીઓ અને નેતાઓ અમેરિકા તરફી નવો દેશ માગતા હતા.

બંનેમાંથી એકેય દેશ પીછેહઠ કરવા તૈયાર ન હતો. વર્લ્ડ વોર પછી યાલ્ટા કોન્ફરન્સ થયેલી. એમાં રશિયાએ કોરિયન પ્રદેશ પર દાવો કર્યો હતો, ત્યારે જ અમેરિકાએ વિરોધ ઉઠાવ્યો હતો. એ વિરોધ પછીનાં વર્ષોમાં વધ્યો. અમેરિકાએ યુએનમાં રશિયાની કોરિયામાં થઈ રહેલી ગતિવિધિ સામેય અવાજ ઉઠાવ્યો. તંગદિલી વર્ષ દર વર્ષ વધતી ચાલી. પરિણામ? કોરિયન દ્વિપકલ્પમાંથી બે રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યા - ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા.

# જાહેર સ્થળોએ મફત કાનૂની સહાયના નંબરો લખવા સુપ્રિમનો આદેશ

**સુપ્રિમ કોર્ટે જરૂરિયાતમંદોને મફત કાનૂની સહાય માટે પોલીસ સ્ટેશન, બસ સ્ટોપ જેવાં સાર્વજનિક સ્થળોએ લીગલ ઓફિસનું સરનામું અને ફોન નંબર લખવા તાકિદ કરી**

નવી દિલ્હી, તા.૨૪

સુપ્રીમ કોર્ટે કહ્યું કે મફત કાનૂની સહાયની કામગીરીને સુનિશ્ચિત કરવા માટે એક મજબૂત મિકેનિઝમ સ્થાપિત થવી જોઈએ, જેથી કાનૂની સેવા પ્રાધિકરણ દ્વારા ચલાવવામાં આવતી લાભદાયી યોજનાઓ તમામ લોકો સુધી ઉપલબ્ધ કરાવી શકાય. જસ્ટિસ બીઆર ગવઈની આગેવાની હેઠળની સર્વોચ્ચ અદાલતની બેન્ચે જરૂરિયાતમંદોને જરૂરી કાયદાકીય સહાય પૂરી પાડવાના મુદ્દે અનેક નિર્દેશો જારી કર્યા છે.



સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, પોલીસ સ્ટેશન, બસ સ્ટોપ જેવી સાર્વજનિક જગ્યાઓ પર નજીકની કાનૂની સહાય કાર્યાલયનું સરનામું અને ફોન નંબર મુખ્ય રીતે લખવો જોઈએ.સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી રાજ્યો અને જિલ્લા કાનૂની સેવા સત્તાવાળાઓ સાથે મળીને એ સુનિશ્ચિત કરશે કે જેલમાં રહેલા કેદીઓને કાનૂની સહાય સેવાઓ મળી રહે અને આ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર હાથ ધરવી જોઈએ.

કોર્ટે કહ્યું કે, રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ રાજ્યો અને જિલ્લા કાનૂની સેવા સત્તાવાળાઓ સાથે મળીને સુનિશ્ચિત કરશે કે જેલમાં કેદીઓને કાનૂની સહાય સેવાઓની ઍક્સેસ માટે પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયાનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે કાનૂની સહાય પ્રણાલીની સફળતા માટે આ અંગે જાગૃતિ ખૂબ જ જરૂરી છે.

કાનૂની સેવા સત્તામંડળ દ્વારા ચલાવવામાં આવતી તમામ લાભદાયી યોજનાઓ વિશે દેશનાં દરેક ખૂણે લોકોને માહિતી મળે તે સુનિશ્ચિત કરવા માટે એક મજબૂત વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

સુપ્રીમ કોર્ટમાં છેલ્લી સુનાવણી દરમિયાન એનએએલએસએએ જણાવ્યું હતું કે, ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની જેલોમાં બંધ લગભગ ૮૭૦ કેદીઓ મફત કાનૂની સહાયની માહિતી મળ્યાં બાદ તેનાં દ્વારા તેમની સજા વિરુદ્ધ અપીલ કરવા માંગે છે. સુપ્રીમ કોર્ટ જેલમાં કેદીઓની સંખ્યા વધારવા સંબંધિત મામલાની સુનાવણી કરી રહી છે, આ મામલામાં ઉપરોક્ત નિર્દેશ જારી કરવામાં આવ્યાં છે.

**દિલ્હીના પ્રદૂષણ મુદ્દે વધુ એક વખત કેન્દ્ર અને દિલ્હી સરકારને ફટકાર**

# સ્વચ્છ પ્રદૂષણરહિત વાતાવરણ એ નાગરિકોનો મુળભૂત અધિકારઃ સુપ્રિમ

**પાટનગરમાં સતત વધી રહેલા પ્રદૂષણના કારણે ફરી લોકોની વધેલી પરેશાની સામે સુપ્રિમની લાલ આંખ તમે કારણો રજુ કરતા રહો અમે સુનાવણી કરતા રહીએ શું તેવું ઈચ્છો છે ? આકરો પ્રશ્ન**

નવી દિલ્હી, તા.૨૪

પાટનગર દિલ્હીમાં ફરી એક વખત શરુ થયેલા પ્રદૂષણ મુદ્દે આજે સુપ્રિમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને આડે હાથે લેતા પરાડી સળગાવનારા સામે શા માટે આકરા પગલા લેવાતા નથી તે પ્રશ્ન પૂછ્યો હતો.ગઈકાલે જ સર્વોચ્ચ અદાલતે બંને રાજ્ય સરકારોની આકરી ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે તમો કારણ રજૂ કરતા રહો અમે સુનાવણી કરતા રહીએ અને પ્રદૂષણ વધતું રહેશે. રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે સંકલન નહીં હોવા અંગે સુપ્રિમ કોર્ટે પૂછ્યું હતું કે, પ્રદૂષણ વધવા પાછળ મુખ્ય આ કારણ જ જવાબદાર છે અને તમામ સંબંધીત પક્ષો છેતરામણી રજુઆત કરી રહ્યા છે.સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ અભય ઓકાના વડપણ હેઠળની ખંડપીઠે જણાવ્યું હતું કે સ્વચ્છ હવા એ દેશના લોકોનો મુળભૂત અધિકાર છે અને તે બંધારણીય કલમ ૨૧માં દર્શાવાયું છે. પ્રદૂષણ મુક્ત વાતાવરણ એ દરેક નાગરિકોને ઉપલબ્ધ થવો જોઈએ.

આ ફક્ત કાયદાનો અમલનો જ પ્રશ્ન નથી પરંતુ સરકારે લોકોના અધિકારોનું રક્ષણ કરવાનું છે. પરંતુ સરકારો તેમાં ઉણી ઉતરી રહી છે.

# જમ્મુ-કાશ્મીરમાં સેનાના વાહન પર આડેધડ ગોળીબાર, બે જવાન શહીદ

## બારામુલામાં સેના-આતંકીઓ વચ્ચે થઈ હતી અથડામણઃ અગાઉ સોનમર્ગમાં થયો હતો આતંકી હુમલો

જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગ નજીક સેનાની ગાડી પર આતંકવાદી હુમલાની ઘટના બની છે. આતંકીઓએ સેનાના વાહન પર આડેધડ ગોળીબાર કર્યો હતો. જે હુમલામાં બે જવાન શહીદ થયા, જ્યારે સેના માટે કામ કરી રહેલા ચાર લોકોના પણ મોત થયા છે. તો બે જવાન ઘાયલ પણ થયા છે. આતંકવાદી હુમલો ગુલમર્ગના નાગિન વિસ્તારમાં ૧૮ રાષ્ટ્રીય રાઈફલ્સ ()ની ગાડી પર થયો છે. સેનાની ગાડી બોટપાથરીથી આવી રહી હતી જે થી પાંચ કિલોમીટર દૂર છે, ત્યારે આતંકવાદીઓએ હુમલો કરી દીધો. સૂત્રોનું કહેવું



છે કે આ ઘૂસણખોરીનો પ્રયાસ હોઈ શકે છે.

આ પહેલા જમ્મુ-કાશ્મીરના ગાંદરબલ જિલ્લા સ્થિત સોનમર્ગ વિસ્તારમાં ૨૦મી ઓક્ટોબરે આતંકવાદીઓએ આડેધડ ગોળીબાર કરતા સાત લોકોના મોત થયા હતા. મૃતકોમાં બે અધિકારી વર્ગના અને ત્રણ શ્રમિકો હતા. અહીં એક ટનલનું બાંધકામ ચાલી રહ્યું છે, ત્યારે અચાનક આતંકવાદીઓ હથિયારો લઈને પહોંચી ગયા હતા અને ફાયરિંગ શરૂ કરી દીધું હતું. જે અધિકારીઓ અને શ્રમિકો મધ્ય કાશ્મીર અને ગાંદરબલ જિલ્લાને જોડતી જેડ મોડ ટનલ બાંધકામનું કામ કરી રહ્યા હતા, આતંકવાદીઓએ તેમને નિશાન બનાવ્યા હતા.

આ પહેલા ત્રણ ઓક્ટોબરના રોજ બારામુલામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. ઘરમાં છૂપાયેલા ત્રણ આતંકવાદીઓએ જવાનો પર આડેધડ ફાયરિંગ કર્યું હતું. આ ઓપરેશનમાં ભારતીય સેનાની ૪૨મી રાષ્ટ્રીય રાઈફલ્સ અને એસએસબીની બટાલિયન-૨ની ટીમ આતંકવાદીઓને વળતો જવાબ આપ્યો હતો.

જમ્મુ ક્ષેત્રમાં તાજેતરના મહિનાઓમાં આતંકવાદી ગતિવિધિઓમાં વધારો થયો છે. જુલાઈમાં ડોડા જિલ્લામાં એક એન્કાઉન્ટરમાં એક અધિકારી અને એક પોલીસ અધિકારી સહિત ચાર સેનાના જવાનો શહીદ થયા હતા. આ હુમલાની જવાબદારી પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા અલગ જૂથ કાશ્મીર ટાઈગર્સે લીધી હતી.

### રશિયામાં મોદી-જિનપિંગની મુલાકાતમાં પૂર્વી લદાખની મડાગાંઠ ઉકેલવામાં સહમતી સધાઈ પણ....

# ભારતના ચીન સાથેના અનેક વિવાદો હજુ વણઉકેલ

નવી દિલ્હી, તા.૨૪

રશિયાના કઝાનમાં બ્રિક્સ સંમેલન દરમિયાન વડાપ્રધાન મોદી અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપીંગ વચ્ચે મુલાકાત થઇ હતી. બન્ને દેશોના નેતાઓની ઔપચારિક બેઠક પાંચ વર્ષ બાદ થઇ હતી, આ બેઠક ત્યારે થઇ, જ્યારે બન્ને દેશોએ પુષ્ટિ કરી છે કે પૂર્વી લદાખમાં મડાગાંઠ ખતમ કરવા પર સહમતી સધાઇ હતી. આ એક સારી બાબત હતી પરંતુ એ હકીકત છે કે ભારતના ચીન સાથે અનેક વિવાદો છે જે ઉકલ્યા નથી. આવા કેટલાક વિવાદો પર નજર કરીએ.



એકસાઇ ચીન ભારત અને ચીન વચ્ચે ૩૪૮૮ કિલોમીટરની સીમા છે. આ સીમા લદાખ, હિમાચલ, ઉત્તરકાખંડ, સિક્કીમ અને અરુણાચલથી થઇને પસાર થાય છે. આ સરહદ ત્રણ ક્ષેત્રોના વહેંચાયેલી છે. બન્ને દેશોમાં પૂરી રીતે સીમાંકન નથી થયું. ભારત પશ્ચિમી ક્ષેત્રમાં એકસાઇ ચીન પર પોતાનો દાવો કરે છે. અરુણાચલ પ્રદેશ પૂર્વી ક્ષેત્રમાં ચીન અરુણાચલ પ્રદેશ પર પોતાનો દાવો કરે છે. ચીનનું માનવું છે કે આ દક્ષિણી તિબેટનો ભાગ છે. ૧૯૧૪માં સમજુતી અંતર્ગત બ્રિટીશ ઇન્ડિયા અને તિબેટ વચ્ચે ૮૯૦ કિ.મી. સીમા રેખા ખેંચાઇ હતી. જેને મેકમોહન લાઇન કહેવામાં આવી. તેમાં અરુણાચલ પ્રદેશને ભારતનો ભાગ બતાવવામાં આવેલ છે.

ડોકલામ (ભૂતાન)- આમ તો ડોકલામ ભૂતાન અને ચીનના વિવાદ છે, પણ તે સિક્કીમ સીમા પાસે પડે છે. આ ટ્રાઇ જંકશન છે જ્યાંથી ચીન, ભૂતાન અને ભારત નજીક છે. ભૂતાન-ચીન તેના પર દાવો કરે છે. ભારત ભૂતાનના દાવાનું સમર્થન કરે છે. ૨૦૧૭માં અઢી મહિના સુધી ડોકલામ પર ભારત-ચીન વચ્ચે તનાવ હતો.

આતંકવાદ- ભારત-ચીનમાં આતંકવાદ જેવા મુદ્દા પર અલગ વલણ તનાવનું કારણ બને છે અને સંયુક્ત રાષ્ટ્રમાં લશ્કર એ તૈયબાના આતંકી સાજિદ મીર, અબુલ અસગર અને તાલહા સઇદને વૈશ્વિક આતંકી જાહેર કરવાના પ્રસ્તાવ પર વીટો કર્યો હતો. પાયાગત માળખુ- સીમાવર્તી ક્ષેત્રો પર પાયાના માળખાના વિકાસને લઇને બન્ને દેશો વચ્ચે હરિફાઇ ચાલતી રહી છે. ઘણીવાર ચીન તરફથી સીમા પાસે કબજો કરવા માટે અસ્થાયી નિર્માણોને જોવામાં આવ્યા છે, જ્યારે કેટલાક મામલામાં તો બન્ને દેશો વચ્ચે તનાવ ઘણો વધ્યો છે.

સમુદ્રી સુરક્ષા- એક દાયકામાં હિન્દ મહાસાગરમાં ભારત-ચીન ભૂ રાજનીતિક તનાવની અસર ભારતની વધતી ચિંતાઓમાંનો એક બની ગયો છે. હિન્દ મહાસાગર ક્ષેત્રમાં ચીની નૌસેનાની વધતી હાજરી અને ગતિવિધિઓ ભારત માટે ચિંતા અને ચર્ચાનો વિષય બની છે.

# લાખાજીરાજ રોડના ફેરીયાઓની દિવાળી બગડી ગઇ!

**દબાણો હટાવાતા ધંધો ઠપ્પ કોર્પો.ના પ્લોટમાં બેસવા જેવું પણ નથી અને ગ્રાહકો પણ આવતા નથી : અઠવાડિયુ છુટ આપવા માંગણી**



રાજકોટ, તા.૨૪

રાજકોટની ઓળખ એવા સૌથી જુના વેપારી વિસ્તારો લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ સહિતના રસ્તા પર દર વર્ષે દિવાળીએ ફેરીયા બેસીને છુટક ધંધો કરે છે જેઓને વેપારીઓની રજુઆત બાદ મનપા અને પોલીસ તંત્રએ ખસેડી દેતા આ ગરીબ ધંધાર્થીઓ હજુ કકળાટ કરી રહ્યા છે. વેપારીઓના પ્રશ્ન અને ટ્રાફિક સમસ્યા ધ્યાને રાખી આ દબાણો દુર કરાયા છે, પરંતુ દર વર્ષે પખવાડિયુ ધંધો કરતા ગરીબોનો ધંધો છીનવાતા ફરી મનપા અને પોલીસ તંત્રને રજુઆત કરી છે.

કોર્પોરેશનએ લાખાજીરાજ સ્કુલના પાર્કિંગના જે મેદાનમાં જે જગ્યા ફાળવી છે ત્યાં કોઇ ગ્રાહક જાય તેમ નથી. અહીં ખાડાવાળા અને હજુ વરસાદના કારણે પાણીથી ગંદકી થયેલી હોય, ગરીબોને રોડ પર યોગ્ય જગ્યા આપવી ધંધો કરવા દેવા માંગણી થઇ છે. લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ, ઘી કાંટા રોડ, પરાબજાર, સાંગણવા ચોક સહિતના રસ્તે દર વર્ષે દિવાળીના છેલ્લા પખવાડિયામાં ગરીબ ધંધાર્થીઓ છુટક વેપાર કરવા બેસે છે. તેઓ જગ્યા રોકતા હોવાથી ટ્રાફિક અને પાર્કિંગના પ્રશ્નો થાય છે.

સાથે જ વેપારીઓના ધંધા પણ બગડતા હોવાની ફરિયાદ થોડા દિવસો પહેલા સંગઠનો દ્વારા કરીને ઉપવાસ-આંદોલન કરવા ચીમકી આપવામાં આવી હતી. બીજા જ દિવસથી મનપાએ અહીં રાવટીની જેમ વાહનો રાખી દબાણો દુર કર્યા હતા. આજ સુધી કોઇ ફેરીયાઓને બેસવા દેવાતા નથી.

હવે તહેવારનો ધંધો બંધ થતા ત્રણ દિવસ પહેલા ધંધાર્થીઓએ બજાર વચ્ચે બેસવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ કોર્પો. અને પોલીસના સ્ટાફે તેઓને બેસવા નહીં દેતા રકઝક થઇ હતી. પોલીસે બહેનોને હટાવ્યા હતા અને મહિલા સ્ટાફે તેમને બેસવા દીધા ન હતા. બે દિવસથી આ ધંધાર્થીઓ રોડ પર બેસવા માંગણી કરી રહ્યા છે.

બીજી તરફ તેમને જે જગ્યા હંગામી ધોરણે વિનામૂલ્યે ફાળવવામાં આવી છે તે જગ્યાએ તો બે દિવસ અગાઉ સુધી ગારા કીચડ હતા. લાખાજીરાજ રોડ પાછળ આવેલ આ પ્લોટ સુધી કોઇ ગ્રાહક છુટક વસ્તુ લેવા જાય તેમ નથી. આથી દિવાળી બગડે તેમ છે તેવું ધંધાર્થીઓએ જણાવ્યું હતું.

કેટલાક ફેરીયાઓ આ જગ્યાએ બેસવા ગયા હતા પરંતુ કોઇ ગ્રાહક ન આવતા ધંધો થયો નથી. હવે દિવાળીને અઠવાડિયું છે ત્યારે છુટક વસ્તુઓ વેંચવા દેવા માંગણી કરી છે. કારણ કે આ માલ આ સિવાયના દિવસોમાં વેંચી શકાશે નહીં. આ ધંધાર્થીઓને રસ્તા પર લોકોની અવરજવર વચ્ચે અઠવાડિયુ જ બેસવાનું છે.

**રૂડાનો પરિપત્ર કપાતની જમીનમાં બાંધકામ-દબાણ થાય તે પ્રોજેક્ટને મંજુરી નહીં**

# સરકારને સોંપાતી ૪૦ ટકા જમીનની ચોકીદારી કરવી પડશે

**રસ્તા બનાવવા માટે અન્ય જમીન માલિકોના એનઓસી પણ ફરજીયાત પાંચ મુદા સાથેના નવા પરિપત્રથી દેકારો**

રાજકોટ,તા.૨૪

રીઅલ એસ્ટેટ ક્ષેત્રના નિયમો-કાયદા સરળ કરવા તથા અનેકવિધ ઝંઝટ દુર કરવા માટે બિલ્ડરલોબી વખતોવખત ધા નાખતી જ હોય છે પરંતુ એક સાંધતા તેર તૂટે જેવી હાલત થવા લાગી છે.

રાજકોટમાં રૂડા દ્વારા એક નવો પરિપત્ર જારી કરીને પાંચ નવા મુદાઓ પેશ કરતા બિલ્ડરોમાં દેકારો બોલી ગયો છે તે પૈકીનો એક મુદો તો સરકારને સોંપાતી જમીનનુ રક્ષણ બિલ્ડરોએ કરવુ પડે તેવી નોબત સર્જાઈ છે.

રાજકોટના રીઅલ એસ્ટેટ ક્ષેત્રના સૂત્રોએ કહ્યું કે, રાજકોટ શહેરી વિકાસ સતામંડળ (રૂડા) દ્વારા ગત મહિને એક પરિપત્ર જાહેર કરાયો છે. નોન-ટીપી વિસ્તારમાં વિકાસ પરવાનગી માટે અમલી સીજીડીસીઆરની જોગવાઈ મુજબ ૪૦ ટકા જમીન કપાતમાં જાય છે.

વિકાસ પરવાનગી માંગતા જમીનધારક ૪૦ ટકા જમીન સરકારને આપે ત્યારબાદ પ્લોટ વેલીકેશન સર્ટીફીકેટ અપાય છે અને ત્યારબાદ લે-આઉટ મંજુરીની કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોય છે.



રૂડા દ્વારા પરિપત્રમાં દર્શાવાયા પ્રમાણે જમીન માલિક દ્વારા પ્લોટ વેલીકેશન સર્ટીફીકેટ મેળવવા રજુઆત કરવામાં આવે ત્યારે મંજુર માપણી શીટના નકસામાં દર્શાવ્યા મુજબની જમીનની હદો દર્શાવતા ખુંટા લગાવવાના રહેશે અને તેના આધારે અધિકારી સ્થળતપાસ કરી જમીનના માપ તથા બાંધકામ-દબાણ છે કે કેમ તે ચકાસશે. આ પછી લે-આઉટ મંજુરીની કાર્યવાહી થશે.

જાણીતા બિલ્ડરોએ એમ કહ્યું કે વિકાસ પરવાનગી મેળવતી વખતે તેમના દ્વારા ૪૦ ટકા જમીન સરકાર ખાતે કરી દેવામાં આવે છે. જમીન માલિકના ૭/૧૨માંથી પણ તે હકક કમી કરી નાખવામાં આવી હતી. જમીન માલિક કે બિલ્ડર-ડેવલપર દ્વારા પછી ગમે ત્યારે પ્રોજેક્ટ મુકવામાં આવે ત્યારે તંત્ર દ્વારા પ્રથમ સરકારને મળી ચુકેલી ચકાસણી કરાય છે અને તેમાં દબાણ માલુમ પડયે પ્લાન મંજુર કરાતો નથી.

વાસ્તવમાં જમીન માલિકે ૪૦ ટકા કપાતની જમીન સરકારના નામે-ખાતે ચડાવી દીધી હોય ત્યારપછી દબાણ રોકવાની તેની જવાબદારી બની જાય છે છતાં તે જવાબદારી બિલ્ડર પર નાખવામાં આવી છે તેમાં તીવ્ર પ્રત્યાઘાતો છે.આ સિવાય પરિપત્રમાં રસ્તાના મામલે પણ વાંધાજનક જોગવાઈ સામે બિલ્ડરોમાં કચવાટ છે.

આ જોગવાઈ અંતર્ગત નોન ટીપી વિસ્તારમાં સતામંડળ દ્વારા સૂચિત કરેલ રોડ નેટવર્ક પ્રમાણે હયાત રસ્તાથી પોતાની જમીન સુધી પહોંચવા રસ્તો બનાવવો હોય તો આસપાસના અસરકર્તા અન્ય જમીન માલીકો પાસેથી પણ નોટરાઈઝ્ડ કરાર કરવાના રહેશે અને તેના પછી જ લે-આઉટ પ્લાન મંજુર થશે. સામાન્ય ભાષામાં એવો અર્થ થાય છે કે રૂડાના રોડ પરથી જમીન સાઈડમાં ત્રીજા નંબરે હોય તો પ્રથમ બે, જમીનમાલિકો પાસેથી નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ લેવાના રહેશે. આ બન્ને જોગવાઈઓ સામે બિલ્ડરોમાં જબરો ધુંધવાટ છે.

# વાવાઝોડાની અસરે મહારાષ્ટ્ર- સુધી વરસાદ થશેઃ ગુજરાતમાં તા.30 સુધી સ્વચ્છ હવામાન

## ગુજરાતમાં સપ્તાહ સુધી માવઠાની સંભાવના નથી



રાજકોટ તા.૨૪

બંગાળની ખાડીનું વાવાઝોડુ દાના આજે મોડીરાત્રે ઓડીશામાં ત્રાટકવાની શકયતા વચ્ચે ચાર રાજયોમાં તેની અસર થવાની સંભાવના છે. જો કે, ગુજરાતમાં આગામી ૩૦ સુધી વાતાવરણ સ્વચ્છ-સુકુ જ બની રહેવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે. તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે ઉતર-પશ્ચિમ તથા તેને લાગુ મધ્ય બંગાળની ખાડીમાં સર્જાયેલુ દાના વાવાઝોડુ ૧૨ કી.મી.ની ઝડપે આગળ વધી રહ્યું છે. ઉતર-ઉતર પશ્ચિમ તરફ ગતિ છે. સવારે ૧૧.૩૦ની સ્થિતિએ ૧૯.૨ ડીગ્રી નોર્થ તથા ૮૭.૯ ઈસ્ટમાં પરાદીપથી ૧૯૦ કી.મી. દક્ષિણ પુર્વ પર કેન્દ્રીત હતું. ૧૦૦થી૧૧૦ કીમીની ઝડપે પવન ફુંકાય છે.

ઝાટકાના પવનની ગતિ ૧૦૦ કી.મી.ની છે. રાત્રે કે સવાર સુધીમાં ઉતર ઓડિશાના દરિયાકિનારે ત્રાટકશે અને સમાન ગતિના પવન ફુંકાશે. ત્યારબાદ પવનની ઝડપ ઘટશે અને વાવાઝોડુ પણ ઉતરોતર નબળુ પડવા લાગશે.વાવાઝોડાના પ્રભાવથી પશ્ચિમ બંગાળ, ઓડીશા, છતીસગઢ તથા આંધ્રપ્રદેશમાં ભારે વરસાદની સંભાવના છે અને ત્યારપછી મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રને અસર કરશે જયાં હળવો-મધ્યમ વરસાદની સંભાવના છે.

# ફલાવર બેડ સહિતના બાંધકામ વિવાદ મામલે સરકારને પત્ર લખી માર્ગદર્શન માંગતી મહાપાલિકા

## અગ્નિકાંડ બાદ પ્લાન અને કમ્પલીશનની કામગીરી ધીમી પડયાની સરકારને રજૂઆત બાદ હજુ સ્થિતિ જૈસે થે  હવે સરકાર સૂચના આપે તેમ થશે



રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાપાલિકામાં નવા બાંધકામ પ્લાન અને કમ્પલીશનની કામગીરી ખોરંભે પડી ગયાની ફરિયાદ સરકારને કરવામાં આવી રહી છે. ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ પહેલા અને તે બાદની સ્થિતિમાં જમીન આસમાનનો ફર્ક પડી ગયો છે.

હવે કોર્પો.માં મોટા ભાગે ઓન રેકર્ડ નિયમ મુજબ જ કામ થતા હોય અને લગભગ તમામ બાંધકામમાં આપવામાં આવતી છુટક છુટછાટને સંપૂર્ણપણે લોક કરી દેવામાં આવી હોય, મોટો કકળાટ થઇ રહ્યો છે. ટીપી અને ફાયર શાખામાં માત્રને માત્ર કડક ધોરણો જ લાગુ હોય, પ્લાન મુકતા કે કમ્પલીશન સર્ટીફીકેટ માંગતા પણ આર્કિટેકટ અને સામાન્ય આસામીઓ ડરી રહ્યા છે. આ સંજોગોમાં મોટી બિલ્ડર લોબીને તકલીફ થાય એવા પ્રોજેકટસમાં મહિનાઓ જુના ફલાવર બેડ (બાલ્કનીની જગ્યા કે જે પ્લાનમાં દર્શાવાતી નથી છતાં કાર્પેટ એરીયામાં ગણી લેવામાં આવે છે)ને માન્ય રાખી બીયુ આપવા સતત કમિશ્નરને રજુઆત થતી હતી. તેવામાં કમિશ્નર દેવાંગ દેસાઇએ આવા આગ્રહને વશ થવાને બદલે સરકાર પાસે માર્ગદર્શન માંગતા આ પુરો મામલો હવે ગાંધીનગર ખસેડાઇ ગયો છે.

રાજકોટમાં કરોડોની કિંમતના બે ડઝનથી વધુ બિલ્ડીંગ પ્રોજેકટની ફાઇલો ફલાવર બેડના કારણે અટકી ગઇ છે. પૂર્વ કમિશ્નર અને પૂર્વ ટીપીઓના કાર્યકાળમાં વર્ષોથી આવા ફલાવર બેડ પ્લાનમાં રજૂ ન કરવા છતાં પરંપરા મુજબ માન્ય ગણીને બીયુ સર્ટીફીકેટ આપવામાં આવતા હતા. ફલાવર બેડ પ્લાનમાં દર્શાવાતા ન હતા, પરંતુ બેથી ચાર, છ ફુટની બાલ્કની જેવી જગ્યા બાંધીને બાદમાં હોલ કે રૂમમાં જોડી દેવાતી હતી.આ વધારાની જગ્યાના ભાવ પણ કિંમતમાં ઉમેરાતા હતા. હવે એકાએક કમિશ્નરે આવા ફલાવર બેડવાળા તૈયાર થયેલા બાંધકામોને બીયુ આપવા ઇન્કાર કરી દીધો હતો. ટીપી શાખા, સીટી ઇજનેર અને ડે.કમિશ્નરને પણ સૂચના આપી દેવાઇ હતી. કમિશ્નર પાસે બિલ્ડર, નેતાઓએ ખુબ રજુઆતો કરી હતી.

છેલ્લે સરકાર સુધી ફરિયાદ કરતા તાજેતરમાં કમિશ્નરે આ ફલાવર બેડ સાથેના પ્રોજેકટસને બીયુ કઇ રીતે આપવા તે અંગે શહેરી વિકાસ વિભાગ પાસે માર્ગદર્શન માંગી લેતા હવે દડો સરકારની કોર્ટમાં પહોંચી ગયો છે. એટલે કે હવે સરકાર સૂચના આપે તે પ્રમાણે અમલવારી થશે.ફલાવર બેડ બંગલા, લોરાઇઝ, હાઇરાઇઝ બિલ્ડીંગમાં હોય છે. અગ્નિકાંડ પહેલા આ પ્રકારના બાંધકામોને આરામથી બીયુ મળતા હતા. બિલ્ડરો કહે છે કે અમારે ખોટુ કરવું નથી, પરંતુ હવે નવી સૂચના જાહેર કરી નવા પ્લાનમાં તેની અમલવારી કરવામાં આવે તેવી રજુઆત કરી છે. સામે અધિકારીઓએ જીડીસીઆરના નિયમ મુજબ કાર્યવાહી થાય છે અને જો નિયમનો તંત્ર ભંગ કરતું હોય તો સાબિતી આપે તેવું કહ્યું છે.

આમ છતાં આ મામલે સતત રજુઆતો અને ફરિયાદો થતા કમિશ્નરે સરકારનું માર્ગદર્શન માગ્યું છે. આથી હવે સરકાર સૂચના આપે તે બાદ જુના પ્રોજેકટના બીયુની કાર્યવાહી થશે તેમ માનવામાં આવે છે. બીજી તરફ બિલ્ડર સહિતની લોબી પ્લાન અને બીયુની કાર્યવાહી ખુબ ધીમી પડી ગયાનું કહે છે.કોર્પો.માં તા.૨૫-૫-૨૪ બાદ કુલ ૧૫૦૦થી વધુ પ્લાન ઇન્વર્ડ થયા છે અને તે પૈકી ૮૧૫થી વધુ પ્લાન મંજૂર થયા છે. ૨૧૦ અરજી નામંજૂર કરવામાં આવી છે અને સાડા ચારસો મંજૂરીની પ્રક્રિયામાં છે. આથી સરકારે તાત્કાલીક માર્ગદર્શન આપવા માંગણી કરાઇ છે. તો અધિકારીઓ કહે છે કે સંપૂર્ણપણે જીડીસીઆર અને નિયમોનું પાલન કરાતું હોય, બીયુની સંખ્યામાં ઘટાડો દેખાઇ રહ્યો છે.

# ફટાકડા વેંચવા ૨૫૩ ધંધાર્થીને એનઓસી અપાઇ

### ચાલુ વર્ષે અરજીઓની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો



રાજકોટ, તા. ૨૪

રાજકોટમાં અગ્નિકાંડની ઘટના બાદ ફાયર એનઓસીના નિયમો કડક બન્યા છે ત્યારે ચાલુ વર્ષે દિવાળીના તહેવારો માટે ફટાકડાના સ્ટોલ કરવા અત્યાર સુધીમાં અઢીસોથી વધુ મંજૂરી મનપાએ આપી છે તો ૧૫૦ જેટલા સ્ટોલને આવતીકાલ સુધીમાં એનઓસી ફાળવી દેવાશે.

શહેરમાં અનેક મોટા વિક્રેતાઓએ ફટાકડાના સ્ટોલ માટે ફાયરની મંજૂરી મેળવવા અરજી કરતા આજ સુધીમાં ૨૫૩ સ્ટોલને ફાયર એનઓસી ફાળવી દેવામાં આવી છે અને પેન્ડિંગ રહેલ ૧૫૫ સ્ટોલની સ્થળ તપાસની કામગીરી સાંજ સુધીમાં પૂર્ણ થતાં તમામને ફાયર એનઓસી આપી દેવામાં આવશે તેમ ફાયર વિભાગે જણાવ્યુ હતું. વેપારીઓને તો જગ્યા પર વ્યવસ્થા કરવાથી એનઓસી મળી જાય છે પરંતુ રસ્તા પર ફટાકડા વેચતા ધંધાર્થીઓને કાયદેસર મંજૂરી મળવી મુશ્કેલ છે. શહેરમાં આજ સુધીમાં ૪૦૮ વિક્રેતાઓએ ફટાકડાના સ્ટોલ માટે અરજી કરતા જે પૈકી ૨૫૩ સ્ટોલ ધારકોને ફાયર એનઓસી આપી દેવામાં આવી છે. આ એનઓસી પરથી જ પોલીસની મંજૂરી મળે છે તે ઉલ્લેખનીય છે.

## જિલ્લા કલેકટર કચેરીના પ્રવેશદ્વાર પર પોલીસની હેલ્મેટ ચેકીંગ ડ્રાઇવ ધડાધડ બે ડઝન કેસો



રાજકોટ શહેર ટ્રાફિક પોલીસે દિપાવલી નૂતન વર્ષના તહેવારો પૂર્વે હેલ્મેટ ચેકીંગ ડ્રાઇવ આજે સતત ત્રીજા દિવસે શરૂ રાખેલ છે. જેમાં આજે જિલ્લા કલેકટર કચેરીના મુખ્ય પ્રવેશદ્વાર પાસે પોલીસ જવાનોએ તૈનાત થઇ બે ડઝન જેટલા ધડાધડ કેસો કર્યા હતા.જેમાં કર્મચારીઓની સાથે અરજદારો પણ ઝપટે ચડી ગયા હતા. શ્રોફ રોડ પર હેલ્મેટ પહેર્યા વગરના સ્કુટર-બાઇક ચાલકો પાસેથી દંડની વસુલાત કરી હતી. ટ્રાફિક પોલીસની આ હેલ્મેટ ચેકીંગ ડ્રાઇવ સામે નગરજનોમાં ઉગ્ર રોષ ભભુકી ઉઠયો છે.

### ખેડૂતોને પેકેજની લોલીપોપ નહીં ખરેખર રાહત આપોના બેનર સાથે

# રાજકોટમાં બળદગાડામાં ખેડૂતો સાથે બેસી આપનો વિરોધ

રાજકોટ.તા.૨૫

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ચાલુ વર્ષે કમોસમી વરસાદ પડ્યો હતો. જેને કારણે ખેડૂતોને મોટી નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા ગઇકાલે આ માટે એક રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. જોકે, આ પેકેજ લોલીપોપ સમાન હોવાના આરોપ સાથે આજે આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂતોને સાથે રાખી બળદગાડામાં બેસી અનોખો વિરોધ કરાયો હતો તેમજ લીલો દુષ્કાળ જાહેર કરી, ખેડૂતોને પેકેજની લોલીપોપ નહીં ખરેખર રાહત આપવા જિલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી હતી.

આમ આદમી પાર્ટીનાં નેતા શિવલાલ બારસિયાએ આ અંગે જણાવ્યું હતું કે, આ કોઈ વિરોધ નથી અમે ન્યાય માંગી રહ્યા છીએ. ખેડૂતો જ્યારે પાક લેતા હોય ત્યારે વાવેતર, બીજ અને દવાઓ તેમજ ખાતર માટેનો ખર્ચ કરતા હોય છે. કમોસમી વરસાદના કારણે પાક નિષ્ફળ જવાથી ખેડૂતો દેણામાં ડૂબી જાય છે. રાજ્ય સરકારે સર્વે અને પેકેજ ભૂલીને ખેડૂતો શિયાળુ પાકનું વાવેતર કરી શકે એવી વ્યવસ્થા કરવી જોઈએ. સરકાર દ્વારા આ માટે જાહેર કરાયેલું રૂ. ૧૪૦૦ કરોડનું પેકેજ લોલોપોપ સમાન છે.

સપ્ટેમ્બરમાં નવા ૩.૦૨ લાખ ઈન્વેસ્ટરોનો ઉમેરો, કુલ સંખ્યા ૯૧.૬ લાખ

# એનએસઇ રીપોટ: મોટા રાજ્યોને હંફાવીને નવા ઈન્વેસ્ટરોમાં સૌપ્રથમવાર ગુજરાત બન્યું નંબર-વન

### ઉત્તરપ્રદેશ – મહારાષ્ટ્રને પાછળ રાખી દીધા રાજસ્થાનની પણ હરણફાળ

રાજકોટ,તા.૨૫

શેરબજારમાં ગુજરાતીઓનો દબાવને હોવાની વાત જાણીતી જ છે. હવે ઈન્વેસ્ટરોની સંખ્યામાં પણ ગુજરાતે નવો રેકોર્ડ બનાવ્યો છે અને પ્રથમ વખત અન્ય રાજ્યોને હંફાવીને નંબર વનનું સ્થાન મેળવ્યું છે. સપ્ટેમ્બરમાં ગુજરાતમાંથી નવા ત્રણ લાખ ઈન્વેસ્ટરો ઉમેરાયા હતા.નેશનલ સ્ટોક એકસચેંજના રિપોર્ટ પ્રમાણે સપ્ટેમ્બર મહિનામાં ગુજરાતમાંથી નવા ૩.૦૨ લાખ ઈન્વેસ્ટરો ઉમેરાયા હતા. ઓગષ્ટ-સપ્ટેમ્બરના બે માસમાં ૧૩૫ ટકાનો વધારો થયો છે. ગુજરાત પ્રથમ વખત નવા ઈન્વેસ્ટરોના ઉમેરાની સંખ્યામાં પ્રથમ સ્થાને આવ્યુ છે. ઉત્તરપ્રદેશમાં



૨.૯૩ લાખ તથા મહારાષ્ટ્રમાં ૨.૬૦ લાખ ઈન્વેસ્ટરો ઉમેરાયા હતા.

એનએસઈના રિપોર્ટમાં એમ કહેવાયુ છે કે, સપ્ટેમ્બરમાં નવા ઈન્વેસ્ટરોની સંખ્યામાં ઉત્તરપ્રદેશ તથા મહારાષ્ટ્રને પાછળ રાખીને ગુજરાતે મેદાન મારી લીધુ છે. દેશના નવા કુલ ઈન્વેસ્ટરોમાં ૧૪ ટકા માત્ર ગુજરાતમાંથી ઉમેરાયા હતા. ઉત્તરપ્રદેશના નવા ૨.૯૩ લાખ ઈન્વેસ્ટરો સાથે ટકાવારી ૧૩.૬ ટકા થવા જાય છે. મહારાષ્ટ્રનો હિસ્સો ૧૨ ટકા છે.

રાજસ્થાનમાંથી ૧.૬૫ લાખ તથા પશ્ચિમ બંગાળમાં ૧.૨૪ લાખ નવા ઈન્વેસ્ટરોનો ઉમેરો થયો છે. શેરબજારના નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ચાલુ કેલેન્ડરવર્ષ પ્રાયમરી માર્કેટ માટે બ્લેકબસ્ટર નિવડ્યુ જ છે. રેકોર્ડબ્રેક સંખ્યામાં આઈપીઓ સાથે અત્યાર સુધીમાં જ કંપનીઓ એક લાખ કરોડથી વધુ નાણાં એકત્રીત કરી લીધા છે.

હજુ અનેક જાણીતી-મોટી કંપનીઓના આઈપીઓ પાઈપલાઈનમાં છે તેને કારણે નવા-નવા ઈન્વેસ્ટરોની એન્ટ્રી થઈ રહી છે. મોટાભાગના આઈપીઓના લીસ્ટીંગ પ્રીમીયમથી થતા હોવાથી ઈન્વેસ્ટરોને સારી કમાણી છે. પરિણામે આકર્ષણ વધતુ રહ્યું છે.

ગુજરાતીઓ દાયકાઓથી શેરબજાર સાથે સંકળાયેલા જ છે અને વર્ષોથી દબદબો ધરાવે જ છે પરંતુ બાકી રહી ગયેલ નાના ઈન્વેસ્ટરો પણ તેમાં ઝુકાવી રહ્યા છે. ટ્રેડીંગથી દુર રહેવાનું પસંદ કરતા આ રોકાણકારો માત્ર આઈપીઓ પર જ ફોકસ કરી રહ્યા છે.ગુજરાત પાડોશી રાજ્યો એવા રાજસ્થાનમાં પણ રોકાણકારો વધી રહ્યા હોય તેમ સપ્ટેમ્બરમાં માસિક ધોરણે સંખ્યા ૩૨.૪ ટકાનો વધારો સુચવે છે. સમગ્ર દેશલેવલે સપ્ટેમ્બરમાં ઈન્વેસ્ટરોની સંખ્યામાં ૧૧.૬ ટકાનો વધારો હતો. ઓગષ્ટમાં ૧૯.૬ લાખ નવા ઈન્વેસ્ટરો ઉમેરાયા હતા. સપ્ટેમ્બરમાં તે આંકડો ૨૧.૮ લાખનો થયો હતો.

છેલ્લા એક માસમાં સૌથી વધુ ઈન્વેસ્ટરો ગુજરાતમાંથી ઉમેરાયા હોવા છતાં કુલ રોકાણકારોની સંખ્યામાં મહારાષ્ટ્ર નંબર-વન છે. ૧.૭ કરોડ રજીસ્ટર્ડ ઈન્વેસ્ટર સાથે દેશના કુલ રોકાણકારોમાં ૧૬.૭ ટકાનો હિસ્સો ધરાવે છે. બીજા ક્રમે ઉત્તરપ્રદેશમાં ૧.૨ કરોડ ઈન્વેસ્ટરો છે. દેશલેવલે ૮.૮ ટકાનો હિસ્સો છે.

## સરકારી કચેરીઓમાં તા.૧ - ૧૧ના શુક્રવારે રજા જાહેર કરાઈ




### તા.૯–૧૧ના બીજા શનિવારની રજાના બદલામાં ધોખાના દિવસે રજા જાહેર કરાઇ જો કે બેન્કો ચાલુ રહેશે

ગુજરાતમાં દિપાવલીના તહેવાર નિમિત્તે રાજ્ય સરકારે કર્મચારીઓ માટે વધુ એક સારા સમાચાર આપ્યા છે. તા.૩૧-૧૦ના ગુરુવારે દિવાળીની જાહેર રજા આવે છે અને તા.૨-૧૧ના શનિવારે નૂતનવર્ષ નિમિત્તે તથા તા.૩-૧૧ના રવિવારે ભાઈબીજની રજા જાહેર થઇ છે.


પરંતુ તા.૧-૧૧ના રોજ ધોખો હોવાથી તે દિવસે સરકારી કચેરીઓ ચાલુ રહેવાની હતી પરંતુ કર્મચારીઓ તહેવાર માણી શકે તે હેતુથી તા.૧-૧૧ના શુક્રવારે રાજ્ય સરકારની તમામ કચેરીઓ, બોર્ડ નિગમ, મહાનગરપાલિકા સહિતના સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તા.૧-૧૧ના શુક્રવારે રજા પાળશે.જેના બદલામાં તા.૯-૧૧ના દિવસે બીજા શનિવારની જે રજા હોય છે તે દિવસે સરકારી કચેરીઓ ચાલુ રહેશે. આમ સરકારે એક દિવસની રજા એક્સચેન્જ કરી છે. જો કે તા.૧-૧૧ની રજા નેગોશીયબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ જાહેર કરાયેલ નથી તેથી બેન્કો તા.૧-૧૧ના શુક્રવારે ચાલુ રહેશે.

## બોમ્બ ધમકીની તપાસમાં સહયોગ નહી આપતા X-મેટા પર સરકાર ખફા

### સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર પોષ્ટ થતી ધમકીના હેન્ડલની ઓળખમાં કંપની કાયદો બતાવે છે અપરાધીઓને છાવરવા સામે આકરા પગલાની ચેતવણી

નવી દિલ્હીઃ દેશમાં મુસાફર વિમાનોથી રેલ્વે સેવા અને શાળાઓ સહિતના મહત્વના સ્થાનો પર બોમ્બની ધમકીના સતત વધી રહેલી ધમકીઓ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ એકસ (અગાઉનું ટવીટર) તથા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વિ.ના થઈ રહેલા ઉપયોગમાં હવે કેન્દ્ર સરકાર તથા આ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ સામસામા આવી ગયા છે.

એકસ તથા મેટા (ફેસબુક) પરની ધમકીમાં પોષ્ટ કરતા હેન્ડલની તપાસ કરીને તેને ટ્રેસ કરીને માહિતી આપવા કેન્દ્ર સરકારે જણાવ્યા છતા પણ તેનું પાલન નહી થતા હવે આ પ્લેટફોર્મ સામે આકરા પગલા લેવાય તેવા સંકેત છે. એલન મસ્કની માલીકીના એકસ તથા



માર્ક ઝુકરબર્ગની માલીકીના મેટાપ્લેટફોર્મ સરકારની વિનંતીઓ પર ઠંડો પ્રતિભાવ આપતા જાહેર કર્યુ છે કે ભારત સરકારની વિનંતી જો કાનુની દાયરામાં નહી હોય તો આ પ્રકારની માહિતી આપવામાં આવશે નહી. બોમ્બની ધમકીઓથી વિમાની સેવાને માઠી થવા લાગી છે તથા એરલાઈન્સને તેમાં રૂા.૫૦૦-૬૦૦ કરોડનું નુકશાન પણ ભોગવવું પડી રહ્યું છે.

ભારત સરકારે આ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પરના હેન્ડલ પરથી વર્ચ્યુઅલ ક્રાઈમ થઈ રહ્યું છે અને સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ તેની તપાસમાં સહયોગ નહી આપી ગુન્હાખોરોએ છાવરી રહ્યા હોવાની ચેતવણી ભારત સરકારે આપી છે.

આ પ્રકારની બોગસ ધમકીઓ છતાં પણ પુરી ગંભીરતાથી તેમાં પગલા લેવા પડે અને અત્યાર સુધીમાં ફકત વિમાની સેવાઓજ આ પ્રકારે ૧૭૦ જેટલા મેસેજ મળ્યા છે. જે પોકળ પુરવાર થયા છે પણ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ તેની તપાસમાં સહકાર આપતા નહી હોવાથી દિલ્હી પોલીસ અને અન્ય એજન્સીઓને તપાસમાં વિઘ્ન સર્જાયુ છે.



# રાજકોટ જિલ્લાના ૧૦૮ વિસ્તાર ‘નો ડ્રોન ઝોન’ જાહેર

## જમ્મુ-કાશ્મીરમાં ડ્રોન હૂમલાને પગલે એલર્ટ, વાહન લે-વેંચના રજીસ્ટર નિભાવવા, બિનવારસુ વ્યક્તિ-ટિફિન બોક્સ પર નજર રાખવા સૂચન

રાજકોટ, તા. ૨૫ઃ રાજકોટ શહેર-જિલ્લામાં લોકોની સલામતી અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે એવા ઉદેશથી કલેકટર તંત્ર દ્વારા ૧૦૮ વિસ્તારોને ‘નો ડ્રોન ઝોન’ જાહેર કરી દેવામાં આવેલ છે. તેની સાથોસાથ દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોને લઈને ૧૦ જેટલા જાહેરનામા અધિક કલેકટર ચેતન ગાંધીએ પ્રસિધ્ધ કરી પ્રતિબંધાત્મક હુકમો ફરમાવી દીધેલ છે. દેશના સરહદી રાજયો જમ્મુ-કાશ્મીરમાં ડ્રોન હુમલાનો બનાવ બનેલ હોય. જીલ્લામાં દેશ વિરોધી સંગઠનો આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્ત્વો ગેરલાભ ન ઉઠાવે તે માટે જીલ્લાના ૧૦૮ જેટલા વિસ્તારોમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરીયલ મીસાઈલ હેલીકોપ્ટર રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ, એરક્રાફ્ટ કે પેરા ગ્લાઈટર જેવા સંશાધનોના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે.

### ૧૦૮ વિસ્તારોને ‘નો ડ્રોન ઝોન’ જાહેર કરવામાં આવેલ છે

જે વિસ્તારોને ‘નો ડ્રોન ઝોન’ જાહેર કરવામાં આવેલ છે, તેમાં ૪૦૦ કે.વી. સબ સ્ટેશન જેતપુર (નવાગઢ), જલારામ મંદિર વિરપુર, ખોડલધામ કાગવડ, છાપરવાડી ડેમ, ૬૬ કે.વી. સબ સ્ટેશન જસદણ, અઢીયા ડેમ જસદણ, કામનાથ મહાદેવ મંદિર જસદણ, મોજ ડેમ ઉપલેટા, વેણુ-૨ ડેમ ઉપલેટા, આજી-૩ ડેમ પડધરી, ફુલઝર ડેમ-ઉપલેટા, આઈઓસી ઓઈલ પાઈપલાઈન પડધરી, ઈશ્વરીયા ડેમ જસદણ, ન્યારી ડેમ વાગુદડ, ભાદર-૧ ડેમ, લીલાખા, ભાદર ડેમ ધોરાજી, ધોરાજી સબ જેલ, સ્વામિનારાયણ મંદિર કરેણી, ધોરાજી પાવર હાઉસ, ભાદર રિવર બ્રિજ નવાગઢ, સ્વામિનારાયણ મંદિર જેતપુર, ફિલ્ટર પ્લાન જેતપુર, ફોફળ ડેમ મોટા દૂધીવદર, ગોંડલ બસ સ્ટેશન, ગોંડલ રેલ્વે સ્ટેશન, સહિતના ૧૦૮ વિસ્તારોને ‘નો ડ્રોન ઝોન’ જાહેર કરવામાં આવેલ છે. અધિક કલેકટરનું આ જાહેરનામું તા.૧/૧૧ સુધી અમલી રહેશે. આ ઉપરાંત દિપાવલી, નૂતન વર્ષ, ભાઈબીજ, દેવ દિવાળી, ગુરૂનાનક જયંતિ જેવા તહેવારોને લક્ષમાં રાખી હથીયારો સંદર્ભે વિશેષ પ્રતિબંધાત્મક હુકમો પણ કલેકટર તંત્ર દ્વારા કરવામાં આવેલ છે તેની સાથોસાથ અન્ય રાજયોમાંથી રાજકોટ જીલ્લામાં પ્રવેશતા વાહનોના પૂરેપૂરા રજીસ્ટ્રેશન નંબરોની નોંધણી થાય તેમજ આવા વાહન અને તેના ચાલકોના ફોટોગ્રાફસ જાળવવા પણ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેમાં રાષ્ટ્રીય ધોરી માર્ગ, ૮-બી પોરબંદર-રાજકોટ પર આવતા ડુમીયાણી, પીઠડીયા અને ભરૂડી પાસેના ટોલનાકા પાસે તેમજ રાજકોટ જામનગર વાડીનાર હાઈવે પર વણપરી ગામના ટોલનાકા પર સીસીટીવી કેમેરા ગોઠવી વાહનોનું રેકોર્ડીંગ તેમજ રજી.ની વિગતોની નોંધણી કરવા પણ હુકમ ફરમાવવામાં આવેલ છે.




આ ઉપરાંત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સાયકલ, સ્કૂટર, મોટર સાયકલ, સહિતના ટુ-વ્હીલર કે ફોર વ્હીલર વાહનોની લે-વેચ કરનારા વેપારીઓ શો-રૂમ માલિકોને વાહન ખરીદનાર ગ્રાહકોના ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ. રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તેનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્રમાંથી એક પુરાવો વેપારીઓને મેળવવાનો રહેશે. બિલમાં વાહન ખરીદનારનું નામ સરનામુ ટેલિફોન નંબર મોબાઈલ નંબર લખવા જણાવાયું છે. આ ઉપરાંત જીલ્લામાં જૂના મોબાઈલની લે-વેંચ કરતા દુકાનદારોને પણ જૂના મોબાઈલના ખરીદનાર ગ્રાહક પાસેથી નામ-સરનામુ આઈડી પ્રુફ ફરજીયાત મેળવવાનું રહેશે તેમજ નવા સીમકાર્ડનું વેચાણ કરતા સમયે તેનું રજી. પણ નિભાવવાનું રહેશે. આવી જ રીતે જૂના મોબાઈલ વેચનાર વેપારીઓને પણ મોબાઈલ લે-વેચનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

જીલ્લામાં મિલ્કત ભાડે આપવા અંગેના પણ પ્રસિધ્ધ કરાયેલ જાહેરનામામાં ભાડુઆતની તમામ વિગતો પોલીસ આપી જાણ કરવા જણાવાયું છે. તેમજ જીલ્લામાં સાયકલ, ટુ-વ્હીલર વાહનો જાહેર જગ્યા ફુટપાથ પર કોઈ વ્યકિતની દેખરેખ સિવાય બીનવારસી હાલતમાં મળી આવશે તો સાયકલ ટુ વ્હીલર કે ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન પોલીસ કબ્જે લઈ શકશે.આ સંદર્ભે પણ પ્રતિબંધાત્મક હુકમો કલેકટર તંત્ર દ્વારા કરવામાં આવેલ છે. રાજકોટ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોઈ પણ એસટીડી પીસીઓ પરથી કોઈપણ વ્યકિત ફોન કરે તો તેના નામ સાથેની તેની ઓળખ નિભાવવા માટે પણ વિશેષ જાહેરનામુ કલેકટર તંત્ર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

# સોસાયટીની કોમન એમીનિટીઝનો મામલો હોય તો વ્યક્તિગત સભ્યો બિલ્ડર સામે ફરિયાદ કરી શકે નહિઃ રેરા

## વ્યકિતગત વાંધામાં બિલ્ડર સામે ફરિયાદ થઈ ન શકે દાવાને ફગાવી દેતો ગુજરેરાનો ચૂકાદો




અમદાવાદ,તા.૨૫

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી ( ) ની બેન્ચે એક મહત્વનો ચુકાદો આપતા ઠરાવ્યું હતું કે, જો સોસાયટીની કોમન એમિનિટીઝ નો મામલો હોય તો વ્યક્તિગત સભ્યો અથવા તો મિલકત ધારકો બિલ્ડર સામે ફરિયાદ કરી શકતા નથી. આમ અમદાવાદ શહેરના બોપલ આંબલી રોડ પર ફેલાયેલા સંકલ્પ ગ્રેસ-૨ એપાર્ટમેન્ટના સોસાયટીના કેટલાક સભ્યો દ્વારા દાખલ કરાયેલા દાવાને ફગાવી દીધો છે.

સોસાયટીના છ જેટલા સભ્યોએ ડેવલપર સામે બ્રોશરમાં જણાવ્યા મુજબની સુવિધાઓ તેમજ સામાન્ય સુવિધાઓને લગતી વિવિધ સમસ્યાઓ અંગે ફરિયાદ કરી હતી. જોકે એ આ આધાર પર દાવો ફગાવી દીધો કે વ્યક્તિગત મિલકત ધારકો સર્વિસ સોસાયટી વતી ફરિયાદો નોંધાવી શકતા નથી.

સોસાયટી દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી ન હતી અને અન્ય એલોટીઓને કાયદાકીય કાર્યવાહીમાં પક્ષકાર બનાવવામાં આવ્યા ન હતા. રેરાએ એમ પણ જણાવ્યું હતું કે અરજદાર તેમના કેસને સમર્થન આપવા માટે પૂરતા પુરાવા આપવામાં નિષ્ફળ રહ્યા છે.

અરજદાર સોનલ પટેલ અને અન્ય પાંચ જેમણે સંકલ્પ ગ્રેસ-૨ યોજનામાં મકાનો ખરીદ્યા હતા. તેઓએ રેરા સમક્ષ ફરિયાદ નોંધાવી હતી કે બિલ્ડર દ્વારા જરૂરી ફી ચૂકવવામાં નિષ્ફળતાને કારણે નર્મદા પાણીનું જોડાણ બંધ કરવામાં આવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બોરવેલમાંથી પાણી પૂરું પાડવામાં આવતું નથી. અરજીમાં ડેવલપર દ્વારા આપવામાં આવેલા વચન મુજબ પાર્કિંગની યોગ્ય સુવિધાના અભાવનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જેના પરિણામે ડી બ્લોકના રહેવાસીઓને તેમના વાહન બહાર રોડ પર પાર્ક કરવાની ફરજ પડી હતી.

તેઓએ આક્ષેપ કર્યો હતો કે ભોંયરામાં પાર્કિંગ સુવિધા અસુવિધાજનક હતી કારણ કે સાંકડી જગ્યાને કારણે મોટા વાહનોને ટર્ન લેવાનું મુશ્કેલ બને છે. ફરિયાદીઓએ જીમનેશિયમ, ફાયર સેફ્ટી, સુરક્ષા વ્યવસ્થા અને બ્રોશરમાં વચન આપવામાં આવેલ અન્ય સુવિધાઓ સંબંધિત મુદ્દાઓ પણ ઉઠાવ્યા હતા.

ડેવલપર જિંજર પ્રોપર્ટીઝ પ્રાઈવેટ લિમિટેડ એ આ આધાર પર અરજીનો વિરોધ કર્યો હતો કે ફરિયાદને બાકીના એલોટીઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું ન હતું અને તેથી કાયદા મુજબ ટકવા પાત્ર નથી. ફરિયાદકર્તાઓમાંના એક વ્યક્તિ મિલકતનો પ્રથમ ખરીદનાર પણ નથી અને તેથી તેને અરજીમાં સામેલ થવાનો કોઈ અધિકાર નથી.

ડેવલપરે દલીલ કરી હતી કે નર્મદા જળ જોડાણ એ સુવિધા નથી અને બ્રોશરમાં તેનું વચન આપવામાં આવ્યું નથી. ફાળવણી કરનારાઓ તેમને ફાળવવામાં આવેલી પાર્કિંગ સુવિધાનો ઉપયોગ કરી રહ્યા છે.

તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ રેરાના સભ્ય એમએ ગાંધીએ અરજી ફગાવી દીધી હતી.

# રાજશ્રી સિનેમા પાસે થયેલ અથડામણમાં ૧૨ શખ્સો સામે ગુનો નોંધાયો

## એ.ડિવિઝન પોલીસે રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી




રાજકોટ. તા.૨૫

રાજશ્રી સિનેમા પાસે થયેલ અથડામણમાં ૧૨ શખ્સો સામે એ.ડિવિઝન પોલીસ મથકમાં રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. પોલીસે આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.બનાવ અંગે કિશાનપરા ચોક મહિલા અંડરબ્રિજ પાસે આલાભાઈના ભઠા પાસે રહેતાં આલાભાઈ નારણભાઈ જાળફવા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સુનિલ ગમારા, હિરો ભરવાડ, ગોપાલ ભરવાડ, વિમલ ગમારા અને રવિ ગમારાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓને સંતાનમાં બે દીકરાઓ છે. જેમા મોટા દીકરાનું નામ રૂદ્ર (ઉ.વ.૧૬) છે.

ગઈ રાત્રીના ચારેક વાગ્યે તેઓ ઘરે હતાં ત્યારે પોલીસનો ફોન આવેલ અને જણાવેલ કે, તમારા દીકરા રૂદ્રને ભુપેન્દ્ર રોડ રાજ શ્રી સીનેમા પાસે ઝઘડો થયેલ અને રૂદ્રને પોલીસ સ્ટેશને લાવેલા, તેમને ઈજા થયેલ છે. તેમને સીવીલ હોસ્પીટલે સારવારમાં લઈને જઈએ છીએ તો તમે તાત્કાલીક હોસ્પીટલ આવી જાવ તેમ વાત કરતા તેઓ હોસ્પીટલે દોડી ગયેલ અને ત્યાં તેમના દીકરાને ઓર્થોપેડીક વોર્ડમાં સારવારમાં લઈ ગયેલ હતાં.તેઓએ રૂદ્રને બનાવ બાબતે પુછતા જણાવેલ કે, હું રાત્રીના સાડા દસેક વાગ્યે ઘર પાસે બેઠો હતો.

ત્યારે મીત્ર સલમાનનો ફોન આવેલ કે, તુ કયા છો અહી રાજશ્રી ટોકીઝ પાસે આવ જેથી હું તથા મારો મીત્ર શબો એક્સેસ લઈ ત્યાં ગયેલ અને શબો મને ત્યાં ઉતારીને જતો રહેલ હતો. ત્યાં મીત્ર સલમાન, શાહરૂખ તથા તેના બે મીત્રો ત્યાં હાજર હોય અને ત્યાં ત્રણ ચાર ભરવાડ સાથે ઝગડો ચાલુ હતો.

સલમાન તથા તેના મીત્રો પણ ત્યાં સામાવાળાઓ ઉપર સોડા બાટલીના ઘા કરતા હતા, જેથી હું ત્યાં નજીક ગયેલ અને ભરવાડના છોકરો લોખંડનો પાઈપ લઈ અમારી તરફ મારવા દોડેલ જેથી સલમાન, શાહરૂખ તથા તેની સાથે રહેલ બે અજાણ્યા મીત્રો ત્યાંથી ભાગી ગયેલ અને હું ભાગવા જતા મને ભરવાડના છોકરાએ લોખંડના પાઈપ વડે માર મારવા લાગેલ અને તેની સાથે રહેલ અન્ય ત્રણ ચાર શખ્સોએ મુંઢ માર મારેલ હતો. બાદમાં પોલીસની ગાડી આવતા મને પોલીસ સ્ટેશન લાવેલ અને મને ઈજા થયેલ હોય જેથી સીવીલ હોસ્પીટલ સારવાર માટે લાવેલ છે.

# ગ્રીનલેન્ડ ચોકડી પાસે ઈકકો કારમાંથી દારૂના જથ્થા સાથે યુવાન ઝડપાયો



રાજકોટ, તા. ૨૫

ગ્રીનલેન્ડ ચોકડી પાસે ઈકકો કારમાંથી દારૂના જથ્થા સાથે સાગર ખેર નામના શખ્સને એલસીબી ઝોન-૧ની ટીમે દબોચી રૂા. ૨.૫૩ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. દરોડાની વિગત મુજબ એલસીબી ઝોન-૧ પીએસઆઈ બી.વી. બોરીસાગર ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા. ત્યારે સાથેના કોન્સ્ટેબલ રવિરાજ પટગીર, સત્યજીતસિંહ જાડેજા અને દિવ્યરાજસિંહ જાડેજાને મળેલ ચોકકસ બાતમીના આધારે મોરબી રોડથી ગ્રીનલેન્ડ ચોકડી તરફ જતા ગોકુલ રસના કારખાના સામે રહેલ ઈકકો કાર નં. જીજે ૦૩ એલબી ૩૮૭૭ માં તપાસ કરતા તેમાંથી દારૂની ૭૨ બોટલ મળી આવતા કાર ચાલક સાગર નિલેશ ખેર (ઉ.વ.૨૮, રહે. રિધ્ધિ સિધ્ધિ સોસાયટી, નાગબાઈ પાનવાળી શેરી, ડી માર્ટ પાછળ, કુવાડવા રોડ)ની ધરપકડ કરી રૂા. ૨.૫૩ લાખનો મુદામાલ કબ્જે કરી દારૂ કયાંથી લાવ્યો અને કયાં સપ્લાય કરવાનો હતો તે અંગે પુછતાછ હાથ ધરી હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# રાજકોટ હરિવંદના કોલેજમાં જન વિજ્ઞાન જાથાનો ૧૦,૦૫૦મો કાર્યક્રમ સંપન્ન

- **છાત્ર-છાત્રાઓએ ચમત્કારિક પ્રયોગો શીખ્યા. સ્મશાનની મુલાકાત કરવા જાગૃતોને જાથાની અપીલ. ભૂત-પ્રેત, ડાકણ, ચુડેલનું અસ્તિત્વ જ નથીઃ જયંત પંડ્યા**








રાજકોટ, તા. ૨૫ઃ રાજકોટના મુંજકા ગામે હરિવંદના કોલેજના બી.કોમ., બી.બી.એ., બી.એસ.સી., બી.સી.એ., બી.પી.ટી., એલએલ.બી., એમ.કોમ., બી.એડ., ડી.એમ.એલ.ટી., વિવિધ ફેકલ્ટીના છાત્ર-છાત્રાઓમાં વૈજ્ઞાનિક મિજાજ કેળવાય, અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. કાળી ચૌદશ અશુભ કે ભારે દિવસ નથી તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. છાત્ર-છાત્રાઓને જ્ઞાન-વિજ્ઞાનનું સ્નાન કરાવ્યું હતું. ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશને સુંદર બંદોબસ્ત ફાળવ્યો હતો.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટન કોલેજના હેડ ઓફ એડમીન સાગરભાઈ પટેલે કરી વિજ્ઞાનથી માનવજાત સુખી-સંપન્ન થયો છે. અંધશ્રદ્ધામાંથી બહાર નીકળવા અપીલ કરી હતી. જાથાની કામગીરીની ભારોભાર પ્રશંસા કરી હતી. હરિવંદના કોલેજના ચેરમેન મહેશભાઈ ચૌહાણ, કેમ્પસ ડાયરેકટર સર્વેશ્વરભાઈ ચૌહાણ, પ્રિન્સિપાલ ડો. અશ્વિન રાઠોડ, વિશાલ વસા, ટ્રસ્ટી કૃપાબેન ચૌહાણ, સાગરભાઈ બાબરીયા, શૈક્ષણિક સ્ટાફે વિજ્ઞાન અભિગમ-દ્રષ્ટિકોણ કેળવવા અપીલ કરી હતી. સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ દેગામીએ મુંજાવરની વેશ પરિધાનમાં આબેહુબ વૈજ્ઞાનિક પ્રયોગો રજૂ કરી છાત્ર-છાત્રાઓના દિલ જીતી લીધા હતા.

જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ છાત્ર-છાત્રાઓને વૈજ્ઞાનિક પ્રયોગોનું નિદર્શન સાથે તેના રહસ્યોના કારણો રજૂ કરી જણાવ્યું કે માનવીનું વર્તન, કાર્ય, ફરજનિષ્ઠા ૨૧ મી સદીને અનુરૂપ હોવું જોઈએ. કોઈપણ દેશની પ્રગતિ વિજ્ઞાનને આભારી હોય છે.

જાથાના જયંત પંડયાએ વધુમાં જણાવ્યું કે સદીઓથી કાળી ચૌદશની ખૌફનાક, ભયાનક વાતો સાંભળવા મળે છે. વાસ્તવમાં જાથાએ ૩૫ વર્ષમાં તમામ ખોટી સાબિત કરી છે. ભૂત-પ્રેત, ડાકણ, ચુડેલનું અસ્તિત્વ જ નથી. આસુરી શક્તિ, અદ્રશ્ય શક્તિ, ઈલમ, ચમત્કારના નામે લેભાગુઓ છેતરે છે, લોકોને ઉલ્લું બનાવી કર્મકાંડ-ક્રિયાકાંડો તરફ દોરી જઈને પાયમાલી આપે છે.

જાયાનો પડકાર આજ દિન સુધી ચમત્કારિકો-લેભાગુઓ, તાંત્રિકો, ભુવા, મુંજાવરો ઉપાડી શકયા નથી તેમાંથી લોકોએ ઘડો લેવાની જરૂર છે.

ચમત્કારિક પ્રયોગોમાં એકના ડબલ, જીભની આરપાર ત્રિશુલ, અંગારા ખાવા, ત્રાટક વિદ્યા, સંમોહન, ધૂણવું, સવારી આવવી, ભારે નજર, શ્રીફળનું સળગવું. રૂપિયાનો વરસાદ, બોલતું તાવીજ, હજરતમાં જોવું, માથા ઉપર સગડી રાખવી, કંકુ પગલા, હાથમાંથી કંકુ-ભસ્મ ખરવું, વિગેરે પ્રયોગોનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવ્યા હતા. જાથાના અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, પ્રકાશ મનસુખભાઈ, રોમિત રાજદેવ, એડવોકેટ હર્ષાબેન પંડયા, ભાવનાબેન વાઘેલા, ભાનુબેન ગોહિલ, જલ્પાબેન બામટા, પ્રયોગ નિદર્શનમાં ભાગ લીધો હતો. જાથાના કાર્યક્રમ માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.





જીવદયા પ્રેમી કેતન સંઘવી અને મોરબી ગૌરક્ષક ટીમ દ્વારા કચ્છથી જામનગર લઈ જવાતા ૮૫ પાડાથી વધુ પશુને કતલખાને જતાં બચાવાયાં.

## પીએફ મર્યાદામાં વધારો થઈ શકે

નવી દિલ્હી,તા.૨૫ઃ સરકાર એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન હેઠળ સ્વૈચ્છિક ભવિષ્ય નિધિમાં કરમુક્ત વ્યાજ સાથે યોગદાનની ટોચ મર્યાદા જે હાલ ૨.૫ લાખ છે તેને વધારી શકે છે.

શ્રમ અને રોજગાર મંત્રાલય આ મુદ્દાની તપાસ કરી રહ્યું છે અને નાણાકીય વર્ષ ૨૬ ની બજેટ ચર્ચાઓ દરમિયાન તેને નાણાં મંત્રાલય સમક્ષ ઉઠાવે તેવી શક્યતા છે. આ પગલાનો ઉદ્ધેશ્ય નિમ્ન-મધ્યમ અને મધ્યમ આવક ધરાવતાં પગારદાર વર્ગને ઈપીએફઓ દ્વારા વધુ બચત કરવા અને તેમને વ્યાજબી નિવૃત્તિ માટે સક્ષમ બનાવવા પ્રોત્સાહિત કરવાનો છે. ૨૦૨૧ ના બજેટમાં વીપીએફ પર રૂ. ૨.૫ લાખની ટોચ મર્યાદા લાદવામાં આવી હતી, જેનાં વ્યાજ પર પણ કર લાગે છે. સામાન્ય રીતે, વીપીએફ કર મુકત શ્રેણીમાં આવે છે. આનો અર્થ એ થાય છે કે મુળ રકમ અને વ્યાજ તમામ કરમુક્ત છે ઈપીએફઓ વર્ષ ૧૯૭૯ માં થી ૮ ટકા થી વધુ વ્યાજ આપી રહ્યું હતું. તે ૧૯૯૦ થી ૨૦૦૦ સુધી ૧૨ ટકા વ્યાજ આપતું હતું. પીએફ સંચય પરનો વ્યાજ દર ૨૦૨૧ માટે ૮.૧૦ ટકા, ૨૦૨૨ મા ૮.૧૫ અને ૨૦૨૩ માટે ૮.૨૫ ટકા હતો.



# રાજકોટમાં ૫,૨૩૭ વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર બનાવાશે

## વહી જતા વરસાદી પાણીના સંગ્રહથી જળસ્તર ઊંચું લાવવા પ્રયાસ, ગોડલાધારનાં નવનિર્મિત પાનિયા ડેમ બન્યો જળસ્ત્રોત

રાજકોટ, તા. ૨૫ઃ વહી જતા વરસાદી પાણીના સંગ્રહથી જળસ્તર ઉંચા લાવવા સરકારના જળસંચય જન ભાગીદારી અભિયાનને રાજકોટ જિલ્લામાં વેગવંતુ કરાયું હતું. ભૂગર્ભ તળને રિચાર્જ કરવા માટે રાજકોટ જિલ્લામાં ૫,૨૩૭ સ્ટ્રક્ચર્સ બનાવાશે. સરકારના જળસંચય જન ભાગીદારી અભિયાન અન્વયે ભૂગર્ભ જળના તળને રિચાર્જ કરવા માટે રાજકોટની ૧૭થી પણ વધુ સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ અને ઉદ્યોગ ગૃહો દ્વારા વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચરો તૈયાર કરવાનો લક્ષ્યાંક નિયત કરાયો છે.

રાજકોટમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૫૦૦, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર (સી.એસ.આર) દ્વારા ૫૦૦, જિલ્લા આયોજન ઓફિસ દ્વારા ૧૫૦, ડિસ્ટ્રીક પ્લાનિંગ ઓફિસ, જી.આઇ.ડી.સી. (સી.એસ.આર.) દ્વારા ૫૦૦, શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ૩૦૦, બિલ્ડર એસોસિયશન દ્વારા ૫૦૦, એન.જી.ઓ. પ્રાંત દ્વારા ૨૫૦, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૭૦૦, રૂડા દ્વારા ૨૫૦, આર.સી.એમ. દ્વારા ૨૫૦ એમ અંદાજે ૫,૨૬૩ જેટલા વોટર રૂફ ટોપ વોટર હાર્વેસ્ટિંગના કામો થશે. જેમાં હાલ ૧,૩૨૬ જેટલા સ્થળોએ આ કામનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

કેન્દ્રીય જળમંત્રી સી.આર.પાટીલ દ્વારા જળસંચય જનભાગીદારી અભિયાનનો શુભારંભ સુરત જિલ્લા ખાતેથી કરાયો હતો. આ અભિયાન ખરા અર્થમાં સાર્થક થાય એ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ વેગવંતુ કરવામાં આવ્યું છે. ગુજરાતે જળ વ્યવસ્થાપન ક્ષેત્રે અનેકવિધ નવીન સફળ પ્રકલ્પો હાથ ધર્યા છે. સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ જળ સંરક્ષણ અને રેઈન વોટર હાર્વેસિંટગ સ્ટ્રક્ચર્સ લાગુ કરવામાં આવ્યાં છે. સાથોસાથ જળ સંરક્ષણના નળ સે જળ સહિતના વિવિધ યોજનાના કામો થઈ રહ્યા છે. હયાત બોરવેલને રિચાર્જ કરી તથા નવા જળાશયોમાં વહી જતા વરસાદી પાણીને વહેતું કરી ભૂગર્ભ જળની સપાટી ઊંચી લાવવા રાષ્ટ્રીય કક્ષાએ પ્રારંભ થયેલા આ અભિયાનમાં રાજકોટ જિલ્લાની કામગીરીની નોંધ લેવાય તે માટે પ્રભારી મંત્રી રાઘવજી પટેલ, પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયાના સંનિષ્ઠ પ્રયાસોથી જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીની અધ્યક્ષતામાં જળસંચય જનભાગીદારી અભિયાનના વિવિધ આયોજનો હાથ ધરાયા છે.

રાજકોટ જિલ્લામાં વહી જતા વરસાદી પાણીના સંગ્રહની સાથે કેટલાક જળ સ્ત્રોતોનો વધારો પણ થયો છે. જેમાં થોડા વર્ષો પહેલા રાજકોટમાં મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત અટલ સરોવર જળસંચય તો કરે જ છે ઉપરાંત સહેલાણીઓ માટે પિકનિક સ્પોટ પણ બન્યું છે. રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકાના ગોડલાધાર (સોમપીપળિયા) ગામમાં પણ એક નવનિર્મિત સરોવર સરકાર દ્વારા બનાવવામાં આવ્યુ છે. જેમાં પ્રથમ વરસાદના નવા નીરના વધામણા ખુદ પાણી પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ કર્યા હતા. તાજેતરમાં ગીર ગંગા પરિવાર ટ્રસ્ટના દિલિપ સખિયા અને નગરસેવક (કોર્પોરિટર) કેતન પટેલના પ્રયત્નોથી રાજકોટના છેવાડાના કણકોટ ખાતે રંગોલી પાર્કમાં અમૃત સરોવરનું નિર્માણ કરાયુ છે. જેમાં આ વર્ષે સારા પડેલા અનરાધાર વરસાદથી સરોવર ઓવરફ્લો થઈ ગયું છે.

ભારે વરસાદમાં વહી જતા વરસાદી પાણીનો જો જળ સંગ્રહ કરવામાં આવે તો પાણીની સમસ્યા ભૂતકાળ બની જશે. સરકારી સ્તરે તો જળ સગ્રહ અને જળ સંચયના અભિયાનો ચલાવવામાં આવી રહયા છે. પરંતુ, તેમાં લોકોની ભાગીદારી વધે તો ભૂગર્ભ જળ ઉંચા આવશે. જેનો લાભ આજુબાજુના સ્થાનિક લોકો અને ખેડૂતોને મળશે. ‘‘કેચ ધ રેઈન‘‘એ મુખ્ય ધ્યેય અન્વયે ઔદ્યોગિક વસાહતો, વિવિધ સંસ્થાઓના કેમ્પસ વરસાદી પાણીનો સંગ્રહ કરવાની વ્યવસ્થાઓ ઊભી કરાશે. સિંચાઈ વિભાગ દ્વારા બોરવેલ તથા કુવા રીચાર્જ કરવા માટેની વિવિધ પદ્ધતિઓ જનજાગૃતિ ફેલાવી લોકોને જળસંચય અભિયાનમાં જોડવા તથા સંસ્થાના દરેક કેન્દ્ર તથા સભ્યના રહેણાંક વિસ્તારમાં બોરવેલ બનાવવા તથા બોરવેલના રીચાર્જ કરવાની કામગીરી કરવા પર વધુને વધુ ભાર મૂકવામાં આવે છે. આ એવોર્ડ માટે કેન્દ્રીય જળ આયોગ અને ભૂજળ બોર્ડ દ્વારા સૂચિત મૂલ્યાંકન અને ધરાતલીય ચકાસણી બાદ ઉત્તમ રાજ્ય કેટેગરીમાં ઓડિશા પ્રથમ, ઉત્તરપ્રદેશ બીજું તેમજ ગુજરાત અને પુડુચેરીએ ત્રીજું સ્થાન મેળવ્યું છે.

# સ્કૂલના પ્રવાસ માટે નવી ગાઈડલાઈન

## હરણી બોટકાંડના ૯ મહિને સરકાર જાગી, તમામ સ્કૂલે પ્રવાસના ડે ટુ ડે કાર્યક્રમની DEOને જાણ કરવી ફરજિયાત

અમદાવાદ, તા. ૨૫ઃ રાજ્ય સરકારે સ્કૂલ પિકનિકને લઇ નવી ગાઇડલાઇન જાહેર કરી છે. જેમાં સ્કૂલોએ શું ધ્યાન રાખવું તે અંગે સૂચનો કર્યા છે. હવે તમામ સ્કૂલોએ સમગ્ર પ્રવાસના ડે ટુ ડે કાર્યક્રમની ઉઊઘને ફરજિયાત જાણ કરવી પડશે. તેમજ વિદ્યાર્થી કે તેના વાલીને પ્રવાસ માટે ફરજ પાડી શકાશે નહીં.

મહત્વપૂર્ણ છે કે ૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ થયેલા વડોદરા હરણી બોટકાંડમાં ૧૨ બાળકનાં મોત બાદ શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓના પ્રવાસ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. પરંતુ આ દુર્ઘટનાના ૯ મહિના બાદ રાજ્ય સરકાર જાગી છે અને હવે પિકનિકની ગાઇડલાઇન બહાર પાડી છે.

આ ગાઈડલાઈન રાજ્યની સરકારી/અનુદાનિત/ખાનગી(સ્વનિર્ભર) પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડ઼શે. શૈક્ષણિક પ્રવાસ આયોજનમાં આગ, અકસ્માત કે અન્ય અનિચ્છનીય બનાવ



કે દુર્ઘટના ન બને તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોની સંપૂર્ણ સલામતી તેમજ સુરક્ષા જળવાય તે માટે આ ગાઈડલાઈનનું સ્કૂલોએ ચૂસ્તપણે પાલન કરવું પડશે. શૈક્ષણિક પ્રવાસના આયોજન માટે શાળાના આચાર્યની અધ્યક્ષતામાં વિદ્યાર્થીઓના વાલી પ્રતિનિધિ સહિત 'સમિતિ'ની રચના કરવી તથા સ્થળો સંબંધી વ્યવસ્થા, રૂટ, જોખમો, પ્રવાસના લાભાલાભ વગેરે બાબતોની વિસ્તૃત ચર્ચા કર્યા પછી વિદ્યાર્થીઓના વય જૂથ અનુસાર પ્રવાસના સ્થળોની પસંદગી કરવી. જે વિદ્યાર્થીઓ પ્રવાસમાં સામેલ થવાના હોય તેમના વાલીઓ સાથે બેઠક યોજીને તેમને સૂચિત પ્રવાસ આયોજનથી અવગત કરવા તથા તેમની સંમતિ મેળવવાની રહેશે. જો વાલી કોઈ કારણસર આવેલ ન હોય ત્યારે વિદ્યાર્થી મારફત વાલીની સંમતિ મેળવવી, આવી સંમતિ લેખિતમાં લેવી. તેમજ વિદ્યાર્થીઓના માતા-પિતા/વાલીના આઇડીપ્રુફ તથા મોબાઈલ નંબર મેળવવા અને સંમતિ આપેલ હોવાની ખાતરી કરી લેવી.

પ્રવાસ અંગે વિદ્યાર્થીઓ સાથે પણ ચર્ચા, ગોષ્ઠી, મિટિંગ કરી શું કરવું, શું ન કરવું તેનું સ્પષ્ટ માર્ગદર્શન આપવું તથા વિદ્યાર્થીઓ પર પૂરેપૂરી દેખરેખની વ્યવસ્થા કરવી, ટૂંકમાં સલામતીનો સ્પષ્ટ પ્લાન તૈયાર કરવો. પ્રવાસ સંપૂર્ણ સલામત રીતે પૂર્ણ થાય તથા વિદ્યાર્થીઓની સંપૂર્ણ સલામતી તેમજ સુરક્ષા જળવાય તે માટેની તમામ બાબતોની યોગ્ય ચકાસણી કરી સુચારૂ આયોજન કરવા તથા અનિચ્છનીય બનાવ કે દુર્ઘટના ન બને તે અંગેની સંપૂર્ણ તકેદારી રાખવાની રહેશે.

પ્રવાસ દરમિયાન સમય, સંજોગો વગેરે લક્ષમાં લઈ 'સમયવર્તે સાવધાન' જેવા વિદ્યાર્થીઓની સલામતી અને સુરક્ષા તેમજ હિતને ધ્યાનમાં રાખીને બુધ્ધિગમ્ય નિર્ણય લેવાના રહેશે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં દિવાળીના તહેવારને લઈને ૭ દિવસે રજાને લઈ હરાજી અને યાર્ડ બંધ રહેશે

### ■ લાભપાંચમના દિવસે તમામ જણસીનું મુહૂર્ત કરાશે

ગોંડલ, તા. ૨૫ઃ સૌરાષ્ટ્રનું નંબર વન ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં વિવિધ જણસીની આવકથી ઉભરાતું હોય છે. ત્યારે આગામી દિવસોમાં આવતા દિવાળીના તહેવારોને લઈને ગોંડલ માર્કેટયાર્ડ અલગ અલગ રજાના દિવસે માર્કેટિંગ યાર્ડ બંધ રહેશે. ગોંડલ માર્કેટયાર્ડના સત્તાધીશો તેમજ કમિશન એજન્ટ એસોસિએશન તરફથી નક્કી કરવામાં આવેલું કે આગામી દિવાળી દરમિયાન આવતા વાર તહેવાર, અને જાહેર રજાઓને કારણે જણસીની આવક હરાજી અને યાર્ડનું કામકાજ બંધ રહેશે. યાર્ડમાં આવતા ખેડૂતો વેપારીઓ, જનરલ કમિશન એજન્ટો, તોલાટ, મજૂરો, વાહનમાલિકો સહિતનાએ રજાના દિવસે



કામકાજ બંધ રાખશે.

તાજેતરમાં જ સમગ્ર રાજ્યની માર્કેટિંગ યાર્ડની આવકમાં ગોંડલ માર્કેટિંગ યાર્ડનો પ્રથમ નંબર આવવા પામ્યો છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો મગફળી, ધાણા, મરચા, ડુંગળી, લસણ સહિતની ૫૫થી પણ વધુ જણસીઓ લઈને આ માર્કેટયાર્ડમાં વેચવા આવી રહ્યા છે. ત્યારે દિવાળીના તહેવારને લઈને કાળીચૌદસથી ચોથ સુધી માર્કેટિંગ યાર્ડ બંધ રહેશે.

માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, આગામી દિવાળીના તહેવારો આવતા હોય જેને પગલે સાત દિવસ એટલે કે તારીખ ૩૦ ઓક્ટોબરથી ૫ નવેમ્બર સુધી દિવાળી વેકેશન રહેશે. માર્કેટિંગ યાર્ડમાં તમામ જણસીની આવક સદંતર બંધ રાખવામાં આવશે અને તારીખ ૬ નવેમ્બરને લાભ પાંચમના દિવસે સારા મુહૂર્તમાં રાબેતા મુજબ તમામ જણસીઓની આવક તેમજ વિવિધ જણસીઓની હરાજી શરૂ કરવામાં આવશે.

#### ગોંડલ માર્કેટયાર્ડમાં હરાજી અને યાર્ડ આ દિવસે બંધ રહેશે

તા. ૩૦/૧૦/૨૦૨૪ - કાળી ચૌદસ, બુધવાર, તા.૩૧/૧૦/૨૦૨૪ - દિવાળી, ગુરૂવાર, તા. ૧/૧૧/૨૦૨૪ - શુક્રવાર, તા. ૨/૧૧/૨૦૨૪ - નૂતનવર્ષ, શનિવાર, તા. ૩/૧૧/૨૦૨૪ ભાઈબીજ, રવિવાર, તા. ૪/૧૧/૨૦૨૪ ત્રીજ, સોમવાર, તા. ૫/૧૧/૨૦૨૪ - ચોથ, મંગળવાર.

# વિદેશમાં MBBS કરનારા ડોક્ટર્સ MD ફિઝિશિયન કે 'ડોક્ટર ઓફ મેડિસિન' નહિ લખી શકે



## નિયમનું ઉલ્લંઘન કર્યું તો લાઇસન્સ સસ્પેન્ડ કરાશે, ગુજરાત મેડિકલ કાઉન્સિલમાંથી લાઇસન્સ લેવું ફરજિયાત

અમદાવાદ, તા. ૨૫ઃ ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા એક અગત્યની નોટિસ જાહેર કરવામાં આવી છે. હવેથી વિદેશમાં ખઈઈજ કરીને આવેલા ડોક્ટર્સે M.D. ""PHYSICIAN કે ડોક્ટર ઓફ મેડિસિન નહીં, પણ ફરજિયાત MBBS S લખવું પડશે. જો નિયમનું પાલન નહીં કરે તો તેની સામે લાઇસન્સ સસ્પેન્ડ કરવાની સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

ભારત બહાર MBBS પાસ થઈને આવતા કેટલાક ડોક્ટર્સ (ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટસ (FMGS), જે દેશની M.B.B.S. લાયકાતને સમકક્ષ ડીગ્રી ધરાવતા હોવા છતાં પોતે M.D. "PHYSICIAN અથવા Doctor of Medicine લાયકાત ધારક હોવાનું લખી જાહેર જનતાને ગેરમાર્ગે દોરતા હોય છે, તો આવા તમામ ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટસ (FMGs)એ ફક્ત M.B.B.S. જ લખવાનું રહેશે અન્યથા તેમના વિરુદ્ધ નેશનલ મેડિકલ કમિશન/ ગુજરાત મેડિકલ કાઉન્સિલના નીતિ-નિયમો મુજબ લાઇસન્સ સસ્પેન્ડ કરવા સુધીનાં પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાતમાં પ્રેક્ટિસ કરતા તમામ એલોપેથિક ડોક્ટરોએ તેમના પ્રિસ્ક્રિપ્શન, લેટર પેડ/ રબર સ્ટેમ્પ, ફીની પહોંચ, મેડિકલ સર્ટિફિકેટ વગેરે પર તેમને ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા લાઇસન્સ નંબર ફરજિયાત દર્શાવવાનો રહેશે.

તમામ એલોપેથિક ડોક્ટરોએ ગુજરાતમાં પ્રેક્ટિસ કરવા ગુજરાત મેડિકલ કાઉન્સિલમાંથી લાઇસન્સ લેવું ફરજિયાત છે. અન્ય રાજ્યનું કે MCI/NMCનું રજિસ્ટ્રેશન/ લાઇસન્સ હોય છતાં ગુજરાતમાં પ્રેક્ટિસ કરવા માટે ગુજરાત મેડિકલ કાઉન્સિલનું રજિસ્ટ્રેશન/ લાઇસન્સ લેવું ફરજિયાત છે.

ગુજરાત મેડિકલ કાઉન્સિલના ધ્યાન પર આવ્યું છે કે ગુજરાતમાં પ્રેક્ટિસ કરતા કેટલાક સ્પેશિયાલિસ્ટ/સુપર-સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો ગુજરાત મેડિકલ કાઉન્સિલનું ફક્ત MBBSનું જ રજિસ્ટ્રેશન/ લાઇસન્સ ધરાવે છે, પરંતુ તેમની પોસ્ટ ગ્રેજ્યુએટ MD/ MS જેવી સ્પેશિયાલિટી કે MCH/ DM જેવી સુપર સ્પેશિયાલિટી ડીગ્રીનું રજિસ્ટ્રેશન/ લાઇસન્સ લીધેલું નથી તો આવા ગુજરાતમાં પ્રેક્ટિસ કરતા ડોક્ટરોને તેમની MCI/ NMC દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ સ્પેશિયાલિટી કે સુપર સ્પેશિયાલિટી ડીગ્રીનું લાઇસન્સ/ રજિસ્ટ્રેશન ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં કરાવવું આવશ્યક હોવાથી એ સત્વર કરાવી લેવું અન્યથા નેશનલ મેડિકલ કમિશન/ ગુજરાત મેડિકલ કાઉન્સિલના નીતિ-નિયમો મુજબ લાઇસન્સ સસ્પેન્ડ કરવા સુધીનાં પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

# માંગરોળ ગેંગરેપમાં ૩૬૦ કલાક બાદ ચાર્જશીટઃ ફાંસીની સજા કરાવવા કટિબદ્ધ

- **પોલીસે ૩૦૦૦ પેજની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી, ૬૦થી વધુ સાક્ષી અને મેડિકલ પૂરાવા**



સુરત, તા. ૨૫ઃ માંગરોળની સગીરા પર દુષ્કર્મની ઘટના બન્યાના ૩૬૦ કલાક બાદ પોલીસ દ્વારા કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે. સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા ૧૫ દિવસમાં ૩૦૦૦ જેટલાં પેજની ચાર્જશીટ બનાવવામાં આવી છે, જેમાં આરોપીઓને ફાંસીની સજા થાય એ માટે ૬૦થી વધુ સાક્ષી અને મેડિકલ એવિડન્સ, સાયન્ટિફિક એવિડન્સ લેવામાં આવ્યા છે.

સુરત જિલ્લાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ હિતેશ જોયસરે જણાવ્યું હતું કે અંદાજિત ૩૦૦૦ પેજની ચાર્જશીટ અમે કોર્ટમાં રજૂ કરી છે. એમાં ૪૬૭ જેટલાં મુખ્ય પેજ અને ૨૫૦૦થી પણ વધુ સોફ્ટ કોપી, જેમાં તપાસનું મટીરિયલ છે. તમામ પેજ કોર્ટમાં રજૂ કર્યાં છે. કેસમાં ૧૯ અલગ અલગ સેક્શન હેઠળ પોલીસે ચાર્જશીટ કરી છે, જેમાં આજીવન કેદ અને ફાંસીની સજાની જોગવાઈ છે. ૧૦થી વધારે ટીમ પોલીસે બનાવી હતી. ડીવાયએસપી કક્ષાના અધિકારી આ કેસમાં સુપરવિઝન કરી રહ્યા હતા. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઝડપથી કેસ ચાલે અને આરોપીઓને સજા થાય એ તમામ પ્રયત્નો અમે કરી રહ્યા છીએ. ૧૦થી વધુ અધિકારી અને ૪૦થી વધુ કર્મચારીઓની ૧૦ ટીમ બનાવવામાં આવી હતી. તમામ પ્રકારના મેડિકલ એવિડન્સ, સાયન્ટિફિક એવિડન્સ લેવામાં આવ્યા છે. બીએન એસએસ, સીઆરપીસીના આધારે સ્ટેટમેન્ટ લેવામાં આવ્યાં છે. વોઇસ સ્પેટ્રોગ્રાફિક કરવામાં આવી છે.

મેડિકલી જે પુરાવ પોલીસે લેવા પડે એ તમામ પુરાવા પણ લીધા છે. ૬૦થી વધુ સાક્ષીનાં નિવેદન છે. બીએનએસની સેક્શન ૭૨ બેમાં જે જોગવાઈ છે, એને લગતા તમામ કડકમાં કડક જે પ્રોવિઝન છે એ અમે ચાર્જશીટમાં રજૂ કર્યા છે.

# દાહોદના પરિવારનો રાજસ્થાનમાં ગમખ્વાર અકસ્માતઃ પનાં મોત, ૧ મહિલાની હાલત ગંભીર

## ■ વતન જતી વખતે ટાયર ફાટતાં ગાડી બેકાબૂ થઈને ડિવાઈડર કૂદી ગઈ

સિરોહી, તા. ૨૫ઃ રાજસ્થાનના સિરોહી જિલ્લામાં ગુરુવારે સવારે ગુજરાતના પરિવારને ગમખ્વાર અકસ્માત નડ્યો છે. દાહોદથી પોતાના વતન રાજસ્થાન જવા નીકળેલો પરિવાર ભયાનક માર્ગ અકસ્માતનો ભોગ બન્યો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર પ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ૧ અન્ય મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ પોલીસની મદદથી તમામને કારમાંથી બહાર કાઢ્યા અને પછી જિલ્લા હોસ્પિટલમાં દાખલ કર્યા.

આ તમામ ૬ લોકો એક જ પરિવારના સભ્યો છે. પરિવાર મૂળ રાજસ્થાનનો હતો, પરંતુ છેલ્લાં ૪૦ વર્ષથી દાહોદના




લીમખેડામાં રહેતો હતો. આજે સવારે તેઓ ગુજરાતથી પોતાના વતન જવા નીકળ્યા હતા. દરમિયાન આ અકસ્માત સિરોહીના સરનેશ્વર પુલિયા અને સરનેશ્વર મંદિર વચ્ચે થયો હતો. પોલીસ અધિકારીઓએ તપાસ બાદ જણાવ્યું કે કારનું આગળનું ટાયર અચાનક ફાટ્યું, જેના પછી કાર બેકાબૂ થઈ ગઈ અને ડિવાઈડર પાર કરીને નાળામાં પડી ગઈ.

અકસ્માતની માહિતી મળતાં જ સિરોહીનાં કલેક્ટર અલ્પા ચૌધરી અને એસપી અનિલ કુમાર ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં.

૪૦ વર્ષથી પરિવાર દાહોદમાં રહેતો હતો અકસ્માતનો ભોગ બનનાર પરિવાર મૂળ ફલોદી, રાજસ્થાનનો હતો. પરંતુ છેલ્લાં ૪૦ વર્ષથી દાહોદ જિલ્લાના લીમખેડામાં રહેતો હતો. પ્રતાપ (૫૩) પુત્ર કાંતિલાલ ભાટી, રામુરામ (૫૦) પુત્ર પ્રેમરામ ભાટી, ઉષા (૫૦) પત્ની પ્રતાપ ભાટી, પુષ્પા (૨૫) પત્ની જગદીશ ભાટી અને આશુ (૧૧ મહિના) પુત્ર જગદીશ ભાટીનું મૃત્યુ થયું હતું. તે જ સમયે, રમેશ ભાટીની પત્ની શારદા (૫૦) ઘાયલ થઈ હતી. ડીએમ-એસપી ઘટનાસ્થળે પહોંચ્યા આ દુર્ઘટનાની માહિતી મળતાં જ જિલ્લા કલેક્ટર અલ્પા ચૌધરી, એસપી અનિલ કુમાર બેનીવાલ, તહસીલદાર જગદીશ બિશ્નોઈ, સીઓ મુકેશ ચૌધરી, પોલીસ સ્ટેશન ઓફિસર કૈલાસદાન ઘટનાસ્થળે પહોંચ્યાં અને ઘટના પર શોક વ્યક્ત કર્યો.

# વાહન વીમામાં 'તગડા કમીશન' પર 'ઈરડા'ની વોચ : ડીજિટલ પ્લેટફોર્મ શરૂ કરશે

## ■ વિમાની પ્રિમિયમમાં ઘણા ઉંચા હોવાનો ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરનો સૂર

મુંબઈ, તા.૨૫ઃ ભારતનાં વીમા નિયમનકારે સોમવારે નોન-લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીઓનાં ટોચનાં અધિકારીઓ સાથેની બેઠકમાં 'મોટર ઓન ડેમેજ' સેગમેન્ટમાં મોટર ઈન્સ્યોરન્સ સર્વિસ પ્રોવાઈડર્સને હાઈ કમિશન ચૂકવણી અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ડેટા રજૂ કર્યો છે જે દર્શાવે છે કે નવી કારની વીમા પોલિસીઓ માટે વીમા કંપનીઓ દ્વારા એમઆઈએસપીને ચૂકવવામાં આવતાં કમિશન ૨૫ ટકા થી ૫૭ ટકા સુધીનાં છે.

ભારતનાં ઓટોમોટિવ ઉદ્યોગે મોટર વીમાના વિકાસને વેગ આપ્યો છે. આ ક્ષેત્ર હવે સામાન્ય વીમા કંપનીઓનાં કુલ વ્યવસાયનાં ૪૫ ટકા જેટલું છે. કાર ડીલરો હવે ગ્રાહકની ખરીદીમાં પ્રાથમિક મધ્યસ્થી તરીકે, મોટર વીમા માટે એક મહત્વપૂર્ણ વિતરણ ચેનલ બની ગયાં છે.

મીટિંગમાં હાજરી આપનારાં એક્ઝિક્યુટિવ્સે જણાવ્યું હતું કે નિયમનકાર ખાસ કરીને એમઆઈએસપીને અતિશય કમિશન ચૂકવણી વિશે ચિંતિત છે, જે ગ્રાહકો માટે મોટર વીમાની કિંમતને વધારા તરીકે જોવામાં આવે છે. એક એક્ઝિક્યુટિવે જણાવ્યું હતું કે, ''આ ચૂકવણી ઘણીવાર ગ્રાહકો માટે ઊંચા પ્રિમીયમ તરફ દોરી જાય છે. અતિશય કમિશન પર લગામ લગાવીને આઈઆરડીએઆઈએ સુનિશ્ચિત કરવા માંગે છે કે ગ્રાહકો સુધી લાભ પહોંચાડવામાં આવે.



મીટિંગમાં, નિયમનકારે જણાવ્યું હતું કે વીમા સુગમ આ કમિશનના દરો ઘટાડી શકે છે અને પોલિસીધારકોને બચત કરવામાં મદદ કરી શકે છે. વીમા સુગમ એ વીમા પોલિસીઓ માટે એક વ્યાપક ડિજિટલ માર્કેટપ્લેસ છે. જે એપ્રિલ ૨૦૨૫ માં શરૂ થવાનું છે, આ પ્લેટફોર્મ એક ઈ-કોમર્સ હબ તરીકે સેવા આપશે જ્યાં ગ્રાહકો બહુવિધ વીમા કંપનીઓ પાસેથી પોતાની પસંદનો વીમો મેળવી શકે છે. ભૂતકાળમાં, એમઆઈએસપી દ્વારા ગ્રાહકોને ઊંચી કિંમતો પર ચોક્કસ વીમા પોલિસી ખરીદવા દબાણ કરવા અંગેની ફરિયાદો આવી હતી. કેટલાક કિસ્સાઓમાં, ડીલરોએ તેમનાં સંલગ્ન એમઆઈએસપી દ્વારા વીમો ન ખરીદે તો વાહન વેચાવાનો ઈનકાર પણ કર્યો હતો, જ્યારે ગ્રાહકોને કોઈપણ પ્રદાતા પાસેથી વીમો ખરીદવાનો અધિકાર છે. ૨૦૧૯માં, આઈઆરડીએઆઈએ ગેરરીતિની ફરિયાદોને પગલે એમઆઈએસપીને માર્ગદર્શિકાઓની સમીક્ષા કરવા માટે એક સમિતિની રચના કરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે એમઆઈએસપી ગ્રાહકોને વિવિધ વીમા કંપનીઓ પાસેથી મોટર વીમા પોલિસીની પસંદગીની ઑફર કરવામાં નિષ્ફળ રહી હતી. જેનાં કારણે અમુક કંપનીઓ પર કડક કાર્યવાહી થઈ હતી. નિયમનકારે મારુતિ ઈન્સ્યોરન્સ બ્રોકિંગને રૂ. ૩ કરોડનો દંડ ફટકાર્યો હતો કારણ કે કંપની મારુતિ સાથે જોડાયેલી એમઆઈએસપીમાંથી વીમો ન ખરીદતાં પોલિસીધારકોના કેશલેસ ક્લેઈમ નકાર્યા હતાં. એ જ રીતે, નિયમનકારે હીરો ઈન્સ્યોરન્સ બ્રોકિંગ અને ટોયોટા ત્સુશો ઈન્સ્યોરન્સ બ્રોકરને એમઆઈએસપી માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરવા બદલ દંડ ફટકાર્યો હતો.

# ખાનગી લક્ઝરી બસોની ઉઘાડી લૂંટ, ભાડાં બમણાં

## સુરતથી સૌરાષ્ટ્ર-ઉ.ગુ. માટે ડબલ સોફાની ટિકિટ ૩૦૦૦ સુધી પહોંચી, સરકારના આંખ આડા કાન




સુરત, તા. ૨૫ઃ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના રહેવાસીઓએ સુરતને કર્મભૂમિ બનાવી દીધી છે. આ સૌરાષ્ટ્રવાસીઓ અને ઉત્તર ગુજરાતવાસીઓ સુરતના હીરા અને આ વ્યવસાય સાથે સંકળાયેલા છે અને રોજગારી મેળવી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. ક્યારે મોટી સંખ્યામાં દિવાળી વેકેશનમાં વતન પરત ફરતા હોય છે. સુરતના હીરા ઉદ્યોગની મંદીમાં બેવડ વળી ગયેલા રત્નકલાકારોને લક્ઝરી બસ સંચાલકો લૂંટી રહ્યા હોવાની વ્યાપક ફરિયાદ ઊઠી છે. લક્ઝરીના ડબલ સોફા બોક્સનો ભાવ ૩૦૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. ખાસ કરીને વેકેશનમાં વતન જવા માટે થનગની રહેલા રત્નકલાકારોને ડબલ ભાડાં વસૂલી ખંખેરી લેવાનું શરૂ કરી દેવાયું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સરકારી બસની અપૂરતી સંખ્યા સામે સુરતથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના પેસેન્જરોને લઈ જવા લક્ઝરી બસના સંચાલકો બમણો ભાવ વસૂલી રહ્યા છે. ડબલના સોફામાં જ્યાં કેપેસિટી બે વ્યક્તિની છે, એમાં ચાર રત્નકલાકારો વ્યક્તિ દીઠ ૧૦૦૦ મળી કુલ ૩૦૦૦થી ૪૦૦૦ રૂપિયા ચૂકવી રહ્યા છે. ઊના જવા માટે સિંગલના સોફાના સામાન્ય દિવસોમાં ૮૦૦ રૂપિયા હોય છે, હાલ ૧૬૦૦ રૂપિયા લેવામાં આવી રહ્યા છે. સામાન્ય દિવસોમાં જૂનાગઢ જવાનો ભાવ ૬૫૦થી ૭૦૦ રૂપિયા હોય છે, એના ૧૪૦૦ વસૂલવામાં આવી રહ્યા છે. અમરેલીના ૫૫૦ના ૧૧૦૦ રૂપિયા, ભાવનગરના ૫૦૦ રૂપિયા સામે ૮૦૦થી ૧૦૦૦ રૂપિયા વસૂલવામાં આવી રહ્યા છે.

અત્રે નોંધનીય છે કે, આ સમસ્યા નવી નથી, દર વર્ષે દિવાળીના થોડા દિવસો પૂર્વે ખાનગી, લક્ઝરી બસોના સંચાલકોની ઉઘાડી લૂંટ શરૂ થઈ જાય છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિત મોટાભાગની ખાનગી લક્ઝરી બસોના ભાવો બમણા કે ત્રણ ગણા સુધી થઈ જાય છે. વર્ષોવર્ષ રત્નકલાકારો, તેમનાં સંગઠનો દ્વારા સત્તાધીશોને ફરિયાદો થતી રહી છે, પરંતુ આ સમસ્યાનું હજુ સુધી યોગ્ય નિરાકરણ લાવી શકાયું નથી.

હીરા ઉદ્યોગમાં છેલ્લા ઘણા સમયથી મંદી હોવાના કારણે રત્નકલાકારો ભારે આર્થિક કટોકટીમાં કસાઈ ગયા છે. ત્યારે દિવાળી વેકેશન નિમિતે વતન જતા રત્નકલાકારો વધુમાં વધુ એસ.ટી બસનો ઉપયોગ કરે એવા પ્રયત્નો એસ.ટી વિભાગ સાથે સંકલન કરીને કરવામાં આવે તે જરૂરી છે. દર વર્ષે દિવાળી વેકેશનમાં ખાનગી ટ્રાવેલ્સ સંચાલકો દ્વારા વધારે ભાડું વસૂલવામાં આવે છે. આ વર્ષે હીરા ઉદ્યોગ છેલ્લા પાંચ દાયકાની સૌથી ભીષણ મંદીનો સામનો કરી રહ્યો છે.

આ મામલે વાહન વ્યવહાર મંત્રી, સુરત શહેર પોલીસ કમિશનર, કલેક્ટર અને ટ્રાફિક વિભાગને ફરિયાદ કરવા છતાં હજી સુધી એ બાબતે યોગ્ય કાર્યવાહી થઈ નથી. જો આ વખતે સમયસર યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો મંદીના માર સામે ઝઝૂમતા રત્નકલાકારોને ભારે આર્થિક તકલીફ ઊભી થશે, યુનિયન ખાનગી ટ્રાવેલ્સ સંચાલકોના વિરોધી નથી, પણ વિકટ સ્થિતિમાં તહેવાર નિમિત્તે ડબલ ભાવનો ધંધો કરે એ યોગ્ય નથી.

# ધર્મેન્દ્ર રોડ સહિતની મુખ્ય બજારોમાં ખરીદી કરવા લોકો ઉમટી પડ્યાં



### ■ રૂ. ૨૫૦ કરોડથી વધુ ટર્નઓવરની શક્યતા

રાજકોટ, તા. ૨૫ઃ દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે રાજકોટનાં ધર્મેન્દ્ર રોડ સહિતની તમામ મુખ્ય બજારોમાં વિવિધ વસ્તુઓ ખરીદવા લોકોનો ધસારો જોવા મળી રહ્યો છે. સવારથી રાત સુધી મોટી સંખ્યામાં લોકો બજારોમાં ઉમટી રહ્યા છે અને કપડાની સાથેસાથે મુખવાસ, ફટાકડા, રંગોળીના કલર સહિતની વસ્તુઓની ખરીદી કરી રહ્યા છે. જેમ-જેમ દિવાળી નજીક આવશે તેમ-તેમ ગ્રાહકોની સંખ્યામાં વધારો થવાની તેમજ આ સિઝનમાં અંદાજે રૂ. ૨૫૦ કરોડથી વધુ ટર્નઓવર થાય તેવી શક્યતા વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટનાં ધર્મેન્દ્ર રોડ, ઘી કાંટા રોડ, ગુંદાવાડી, સાંગણવા ચોક, પેલેસ રોડ, યાજ્ઞિક રોડ, સોની બજાર, કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ અને સદર બજાર વગેરે વિસ્તારમાં હાલમાં દિવાળીની ખરીદી કરવા લોકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. બજારોમાં કપડાં, તોરણ, ઇલેક્ટ્રિક દીવડા, લાઈટિંગ સિરીઝ, લાભ- શુભના, સ્વસ્તિકના, ભગવાનના સહિત અનેક પ્રકારના સ્ટીકર, ફૂલદાની, મુખવાસ, ફટાકડા, રંગોળીના કલર વગેરે વસ્તુઓનું ધૂમ વેચાણ શરૂ થયું છે. તહેવાર આડે ગણતરીના દિવસો બાકી હોવાથી બજારોમાં ભીડ ઉમટી રહી છે.

રાજકોટની મુખ્ય બજાર ગણાતા આ વિસ્તારોમાં હાલ દિવાળીની રોનક જોવા મળી રહી છે. આ બજારોમાં તો દિવાળીનો માહોલ એવો જામે છે કે માત્ર ફરવા નીકળ્યા હોય તેવા વ્યક્તિ પણ કંઈક ને કંઈક ખરીદી કરે છે. આ તહેવારોમાં પણ દરવર્ષની માફક લાખો લોકો બજારોની મુલાકાત લે તેવી શક્યતા જોવા મળી રહી છે. તેમાં પણ છેલ્લા દિવસોમાં પગપાળા ચાલવાની પણ જગ્યા ન રહે તેટલી મોટી સંખ્યામાં લોકો ઉમટશે.

પ્રતિવર્ષ મુખ્ય બજારોમાં આકર્ષક રોશની થતી હોય છે. અને દિવાળીની રાત સુધી લોકો મોટી સંખ્યામાં રોશની જોવા આવતા હતા. પરંતુ આ વર્ષે કોઈપણ પ્રકારની રોશની નહીં કરવાનો નિર્ણય લેવાયો છે. ઝછક ગેમઝોન અગ્નિકાંડ બાદ કોર્પોરેશન અને રોશની શાખાનાં નિયમો ખૂબ કડક બન્યા છે. આ બજારોમાં જગ્યા ઓછી હોવા સહિતના કારણે આ નિયમો પાળી શકાય તેમ નથી. આ દરમિયાન કોઈપણ કારણોસર નાનો-મોટો અકસ્માત થાય તો દિવાળીનો તહેવાર બગડે તેમ હોવાથી રોશની કરવામાં આવશે નહીં.

આ બજારોમાં ગલ્લા-પાથરણા વાળાઓનો ત્રાસ હતો. તે બાબતે રજૂઆતો કર્યા બાદ મનપા દ્વારા તેમને અલગ વ્યવસ્થા કરી દેવામાં આવી છે. તેમજ સતત ચેકિંગ પણ કરવામાં આવી રહ્યું છે. જોકે, પોલીસ બંદોબસ્ત મુકાય તેવી અમારી માંગ હજુ સંતોષાઈ નથી. પરંતુ આ છતાં હાલમાં આ સમસ્યામાં ઘણી રાહત થઈ છે. દિવાળીની રાત્રે ૧૨ વાગ્યા સુધી હવે બજારો ધમધમતી રહેવાની છે.

### દિવાળીનાં સપ્તાહ પુર્વે જ એસ.ટી.ચિક્કાર થવા લાગી !

# દસ દિ'માં જ એસ.ટી.માં ૮ લાખ ટિકીટો એડવાન્સ બુક થઈ ગઈ

## ઓનલાઈન બુકીંગ થકી જ દૈનિક રૂા.૧.૯૫ કરોડની નિગમને આવકઃ રોજની ૭૫ હજાર ટિકીટોનું બુકીંગ ૨૨૦૦ એકસ્ટ્રા પૈકી ૩૩૧ બસો તો પુરી બુક થઈ ગઈ

રાજકોટ,તા.૨૫

દિવાળીના તહેવારો અંતર્ગત દરવર્ષની જેમ ચાલુ વર્ષે પણ એસ.ટી.નિગમ દ્વારા સમગ્ર રાજયમાંથી રેગ્યુલર ઉપરાંત ૨૨૦૦-એકસ્ટ્રા બસો અને આઠ હજારથી વધુ ટ્રીપો તા.૨૬ થી ૩૦ દરમ્યાન દોડાવવામાં આવનાર છે. ત્યારે હવે દિવાળી આડે માંડ સપ્તાહ બાકી રહ્યુ છે.ત્યારે જ એસ.ટી.માં દિવાળી જેવો માહોલ છવાઈ ગયો છે. અને વિશાળ માત્રામાં ઓનલાઈન એડવાન્સ બુકીંગ જુદા-જુદા રૂટોની બસો માટે થવા લાગ્યુ છે. એસ.ટી.નિગમના સતાવાર વર્તુળોનાં જણાવ્યા મુજબ છેલ્લા દશ દિવસથી એડવાન્સ બુંકીગમાં ભારે ઘસારો થઈ રહ્યો છે.અને છેલ્લા દશ દિવસ માં જ ૮ લાખ થી વધુ ટિકીટોનું એડવાન્સ બુકીંગ થઈ ગયું છે. એસ.ટી.નાં સૂત્રોનાં જણાવ્યા મુજબ નિગમનો ઓનલાઈન બુકીંગ થકી જ દૈનિક રૂા..૧૯૫ કરોડની



આવક થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ નિગમમાં દૈનિક ૬૫-હજાર ટિકીટો બુક થતી હતી. તેની સામે દશ દિવસથી ૭૫ હજાર ટિકીટોબુક થવા લાગી છે.

અગાઉ એડવાન્સ બુકિંગ થકી નિગમને રૂા.૧.૬૫ કરોડની આવક થતી હતી.તેની સામે હાલમાં ૧.૯૫ કરોડની આવક થઈ રહી છે.સૌથી વધુ સુરતથી ભાવનગર, અમરેલી, રાજકોટની બસોમાં એડવાન્સ બુકીંગ થઈ રહ્યો છે.ઉલ્લેખનીય બાબત એ પણ છે કે સુરતથી જ અમરેલી, ભાવનગર, બોટાદ, રાજકોટ, જામનગર, જૂનાગઢ, અને ગીરસોમનાથ માટે જ અત્યારથી જ ૩૩૧-બસોનું ગ્રુપ બુકીંગ થઈ ગયું છે. એટલે કે ૨૨૦૦ એકસ્ટ્રા પૈકી ૩૩૧ બસોનો અત્યારથી પૂરેપૂરી બુક થઈ ગઈ છે.


શહેરી તેમજ છેવાડાના નાગરીકો સુધી જાહેર પરિવહનની ઉત્તમ સુવિધા ગુજરાત રાજયના વાહન વ્યવહાર નિગમ દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. ગુજરાત સરકાર માર્ગ પરિવહન ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવી મુસાફરોની સુવિધામાં વધારો કરવાનો નિરંતર પ્રયાસ કરી રહી છે. આગામી દિવાળીના તહેવારોમાં ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનો રાજયના અંદાજે ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને એસ.ટીની સલામત અને સમયબદ્ધ સવારીનો લાભ મળશે તેમ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યા મુજબ ગુજરાત રાજ્ય પરિવહન નિગમ દૈનિક ૮,૦૦૦થી વધુ બસો, ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરી ૨૫ લાખથી વધુ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થળ સુધી સલામત અને સમયબદ્ધ રીતે પહોચાડવાની બસ સેવાઓ પૂરી પાડે છે. આ ઉપરાંત દિવાળીના પર્વને ધ્યાનમાં રાખીને નોકરી વ્યવસાય કરનારા નાગરીકો પોતાના પરિવાર સાથે તહેવારની ઉજવણી માદરે વતનમાં કરી શકે તે માટે ખાસ ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચાલુ વર્ષના આયોજનમાં માત્ર સુરત ખાતેથી ૨૨૦૦ બસો, દક્ષિણ-મધ્ય ગુજરાત માંથી ૨,૯૦૦, સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ૨,૧૫૦ તેમજ ઉત્તર ગુજરાતમાંથી ૧,૦૯૦ મળીને કુલ ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના થકી રાજયના ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને સ્વચ્છ, સલામત અને સમયબદ્ધ બસોની સેવાઓનો લાભ મળશે. દિવાળીના એક્સ્ટ્રા સંચાલનના આયોજનને ખુબ જ બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. ગત માસ કરતા હાલમાં તહેવારોના પરિણામે થઇ રહેલ દૈનિક એડવાન્સ બુકિંગમાં ૧૮%નો વધારો જોવા મળી રહ્યો છે. આ સમયગાળા દરમ્યાન નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સેવાઓનું નિગમની વિભાગીય કચેરીના ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઇટ ..થી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે. એસ.ટીમાં મુસાફરી કરતા મુસાફરોને સંચાલન સંબંધિત પુછપરછ માટે નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૬૬૬૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશો.


# ઉલ્ટી-ઉબકા કરી પેસેન્જરને લૂંટતી રીક્ષા ગેંગ ઝડપાઈઃ ૧૦ ગુન્હા કબુલ્યા

## મોજશોખ માટે તફડંચીને અંજામ આપતા હોવાની કબૂલાત પીઆઈ એમ.એન. સરવૈયા અને ટીમને મળી સફળતા

રાજકોટ તા.૨૫

શહેરમાં રીક્ષામાં બેસેલા પેસેન્જરોને ઉલ્ટી-ઉબકા કરી લૂંટી લેતી ગેંગને ભકિતનગર પોલીસે દબોચી રૂા.૯૨૫૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો જયારે રીક્ષા ગેંગના ત્રણ શખ્સોએ ૧૦ જેટલી તફડંચીના ગુના કબુલતા પોલીસને મોટી સફળતા મળી હતી.બનાવ અંગે ગઈ તા.૧૮-૧૦ના ઢેબર રોડ પીડીએમ ફાટકથી એક રીક્ષામાં પેસેન્જર બેસાડી અને અગાઉથી જ રીક્ષામાં પેસેન્જરના શ્વાંગમાં બેસેલ બે શખ્સો પૈકી એક શખ્સે ચાલુ રીક્ષાએ ઉલ્ટી ઉબકા કરવાનું નાટક કરી રીક્ષાની બહાર મોઢુ કાઢી રીક્ષામાં આઘાપાછા થઈ ધકકામુકકી કરી તેમાં બેસેલે પેસેન્જરની નજર ચુકવી પેન્ટના પાછળના ખીસ્સામાંથી રોકડ રૂા.૭૫૦૦ ભરેલ પાકીટ સેરવી લઈ તે પેસેન્જરને અટીકા ફાટક પાસે ઉતારી





પાકીટની ચોરી કરી રીક્ષા ગેંગ નાસી છુટી હતી.જે અંગે ભક્તિનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પીઆઈ એમ.એમ. સરવૈયાની રાહબરીમાં પીએસઆઈ જે.જે. ગોહિલ, એમ.એન. વસાવા ટીમ સાથે રીક્ષા ગેંગને પકડવા સીસીટીવી ફૂટેજના આધારે તપાસમાં હતા ત્યારે કોન્સ. પ્રકાશ મકવાણા અને કુલદીપસિંહ ઝાલાને રીક્ષા ગેંગ બાજ પક્ષીની કલગી વાળી રીક્ષા લઈ નાગરીક બેંક ચોક તરફથી અટીકા ફાટક બાજુ જાય છે.તેવી મળેલ ચોકકસ બાતમીના આધારે રીક્ષા ગેંગને દબોચી લઈ સંજય મગન બાંભણીયા (ઉ.૩૫) (રહે. માંડાડુંગર), કરણ કીશોર સાથળીયા (રહે. બેટદ્વારકા સોસાયટી શેરી નં.૧) અર્જુન મનોજ સોલંકી (રહે. બેટદ્વારકા સોસાયટી શેરી નં.૧)ની ધરપકડ કરી રોકડ રૂપિયા ૭૫૦૦ અને એક રીક્ષા મળી કુલ રૂા.૯૨૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી પુછતાછ હાથ ધરી હતી.

વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતુ કે ત્રણેય આરોપીઓ સાથે મળી શહેરમાં અલગ અલગ જગ્યાએ રીક્ષા ફેરવી એકલા હોય તેવા પેસેન્જરને રીક્ષામાં બેસાડી ચાલુ રીક્ષાએ ઉલ્ટી ઉબકા આવતા હોય તેવા નાટક કરી પેસેન્જરની નજર ચુકવી તેના ખીસ્સામાંથી રોકડ રૂપિયા પાકીટ સેરવી લઈ પેસેન્જરને રસ્તામાં ઉતારી નાસી છુટવાની મોડસ ઓપરેન્ડી ધરાવતા હતા. પંદરેક દિવસ પહેલા ગ્રીનલેન્ડ ચોકડીથી કુવાડવા રોડ પર પેસેન્જર પાસેથી રૂા.૧૩૦૦ સેરવી લીધા હતા. સાતેક દિવસ પહેલા લોઠડા ગામેથી પેસેન્જરના ખીસ્સામાં રૂા.૨૫૦૦, નવેક દિવસ પહેલા ઈન્દીરા સર્કલ પાસેથી પેસેન્જરના ખીસ્સામાંથી રૂા.૧૩૦૦, પંદરેક દિવસ પહેલા મેટોડા પાસેથી પેસેન્જરના ખીસ્સામાંથી રૂા.૨૦૦૦, વીસ દિવસ પહેલા રીબડા પાસેથી પેસેન્જરના ખીસ્સામાંથી રોકડા રૂા.૧૮, મોરબી, પડધરી, ચોટીલા, માલીયાસણ અને રેલ્વે સ્ટેશન પાસેથી પેસેન્જરને રીક્ષામાં બેસાડી તફડંચીને અંજામ આપ્યાની કબુલાત આપી હતી.

## બે દરોડામાં ૧૫૦ લીટર દારૂ સાથે બે ઝબ્બે

રાજકોટઃ દેશીદારૂના ધંધાર્થીઓ પર પીસીબીની ટીમે ધોંસ બોલાવી હોય તેમ ખોરાણા અને કોઠારીયામાં દરોડા પાડી બે શખ્સોને દેશી દારૂ, આથા સાથે દબોચી કાર્યવાહી કરી હતી.દરોડાની વિગત મુજબ પીસીબી પીઆઇ એન.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સ્ટાફને મળેલ ચોકકસ બાતમીના આધારે ખોરાણા ગામની સીમમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠીમાં દરોડો પાડી દેશી દારૂ ૨૫ લીટર , આથો ૩૦૦ લીટર અને દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીના સાધનો મળી ૧૮૬૭૫નો મુદામાલ સાથે વિનુ સવજી થોરીયા (ઉ.વ.૫૦, રહે. સણોસરા)ની ધરપકડ કરી હતી. બીજા દરોડામાં પીસીબીની ટીમે કોઠારીયા પાસેથી અલ્ટો કારમાં દેશી દારૂ સાથે પસાર થતા મનોજ સાગઠીયા (ઉ.વ.૨૬, રહે. ખાટડી)ને પકડી કારમાંથી દેશી દારૂ ૧૨૫ લીટર તેમજ કાર મળી કુલ રૂા. ૭૫ હજારનો મુદામાલ કબ્જે કરી કાર્યવાહી હતી.

# દિવાળીમાં બહારગામ ફરવા જાવ તો જે તે સ્થળના ફોટો કે વીડિયો સોશ્યલ મીડીયા પર મુકવા નહીં: ચોરીથી બચવા પોલીસની સલાહ

રાજકોટ, તા.૨૫

દિવાળીમાં બહારગામ ફરવા જાવ તો જે તે સ્થળના ફોટો કે વીડિયો સોશ્યલ મીડીયા પર મુકવા નહીં. ચોરીથી બચવા પોલીસે નાગરિકોને આવી ખાસ સલાહ આપી છે. રાજકોટ ગ્રામ્ય જિલ્લા નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ તહેવારોમાં પોલીસ સતત ખડેપગે રહેશે. દિવાળી દરમિયાન ઘરફોડ ચોરીના બનાવ ન બને એ માટે સચેત રહેવા પોલીસે લોકોને ખાસ માર્ગદર્શન આપતો સંદેશો જાહેર કર્યો છે.

પોલીસે જણાવ્યું છે કે, જો તમે બહારગામ જવાનાં હોય, અથવા બે-ચાર કલાક ઘર લોક કરીને બહાર જવાનાં હોય તો વોચમેનને જાણ કરો. વોચમેનને જણાવો કે દર કલાકે માત્ર મુખ્ય દરવાજો જ નહીં પણ ચારે બાજુથી ચેક કરે. ચોર મુખ્ય દરવાજેથી જ નહીં બારીની ગ્રીલ તોડીને પણ અંદર જઈ શકે છે. એક દિવસથી વધારે દિવસ માટે બહારગામ જવાનું હોય તો દાગીના કે રોકડ રકમ લોકરમાં મૂકીને જાવ. ઘરમાં જોખમ હોય તો મિત્રને અથવા તો પડોશીને ત્યાં મૂકો. બેંકમાં લોકર ન હોય તો લોકર ખોલાવી દો.




**તહેવારમાં ચોરી, ચીલઝડપ, લૂંટ જેવા ગુના અટકાવવા રાજકોટ ગ્રામ્ય પોલીસે લોકોને ખાસ સૂચનાઓ આપી**

અજાણ્યા સ્ત્રી કે પુરૂષ તમારા ઘરે આવીને તમારું સરનામું પુછે તો ગ્રીલ બંધ રાખીને જવાબ આપજો.એ વ્યક્તિ તમારા પતિ, પિતા, ભાઈ કે બહેનનાં મિત્ર હોવાનો દાવો કરે તો પણ ખાતરી કરીને ઘરમાં પ્રવેશ આપવો. આવા લોકો હથિયારની અણીએ ઘરમાં લૂંટ ચલાવી શકે છે. તમારા ઘરે દાગીના સાફ કરવા કે ધોવડાવવા કે ચમકાવવા કોઈપણ અજાણ્યા માણસો આવે તો એમને ઘરમાં પ્રવેશ આપશો નહીં કે એમની પાસે તમારા દાગીના સાફ કરાવશો નહીં. જો આપ સહપરીવાર દિવાળી તહેવાર પર બહાર ફરવા જઈ રહ્યા છો તો જે તે સ્થળના ફોટો કે વિડીયો આપના સોશિયલ મીડીયા પ્લેટફોર્મ પર મુકવા નહીં.

કિંમતી ચીજ વસ્તુ સાથે ટ્રાવેલ કરવાનાં હોવ તો એકલા ટ્રાવેલ ન કરશો. રિક્ષામાં મુસાફરી કરો તો પર્સ સાચવીને રાખો, જેથી કોઈ પર્સ ઝુંટવી ના શકે. મંદિરમાં દર્શન સમયે ભીડનો લાભ લઈ કોઈ પર્સ ઝૂંટવી ન જાય એનું ધ્યાન રાખો. અજાણી વ્યકિત તમને વાતોમાં પોરવવાની કોશિષ કરે તો દૂર થઈ જાવ. બજારમાં કે જાહેરમાં ચાલતા જાવ ત્યારે તમે પહેરેલા ઘરેણાં કે પાકીટ કોઈ ઝૂંટવી ન જાય તેની કાળજી રાખવી. ચીલ ઝડપ થાય તો મદદ માટે તરત બૂમાબૂમ કરો. આરોપીના વર્ણન, કપડાં અને વાહન નંબર નોંધી લેવાનો ખાસ પ્રયાસ કરશો.

જવેલર્સ સંચાલકો માટે પણ ખાસ ગાઈડ લાઈન આપી છે. જેમાં જવેલર્સ સંચાલકે સીસીટીવી ચાલુ રાખવા, શો રૂમ અને વર્કશોપમાં કામ કરતા માણસોનાં ફોટો આઈ.ડી. તેમજ એમનાં વતનનાં નજીકના પોલીસ સ્ટેશન સહિતની વિગત મેળવી પોલીસ વેરીફીકેશન કરાવવું. શક્ય હોય તો વેપન ટ્રેનીંગ સર્ટીફીકેટ, સર્ટિફાઈડ સિક્યોરિટી કંપનીનાં હથિયારધારી ગનમેન સુરક્ષા માટે રાખવા. જવેલર્સ શો રૂમનાં માલિક કે સંચાલકે કોઈ જાણીતી વ્યકિત સસ્તા ભાવે સોનું, ચાંદી અપાવવાની લાલચભરી વાત કરે તો તેમાં દોરવાઈ જવું નહીં અને તુરંત પોલીસને જાણ કરવી. અલગ અલગ પેનિક અલાર્મ મુકવા. બેંકમાં પૈસા નાણાંની હેરફેર કરતી વખતે એક કરતાં વધુ વ્યકિતઓ સાથે રહો. નાણાંની હેરફેર માટે મજબૂત થેલાનો ઉપયોગ કરો. કોઈ અજાણી વ્યકિતને આપના નાણાં ગણવા કે ચેક કરવા ન આપશો. તમારા પૈસા નીચે પડી ગયા છે . એવું કોઈ કહે તો તેમની વાતમાં આવી જશો નહિ. ગાડીની ડીકીમાં પૈસા મૂકો ત્યારે રસ્તામાં કોઈપણ સ્થળે ઊભા રહેશો નહિ.બકોઈક વ્યકિત દ્વારા તમારા પર કચરો નાખવામાં આવે ત્યારે એ જ જગ્યાએ સફાઈ માટે ઊભા રહેશો નહિ. મોટી રકમની હેરફેર કરો ત્યારે શક્ય હોય તો ફોર વ્હીલરમાં કરો અને ગાડીના કાચ બંધ રાખો.

બેંકમાંથી પાંચ લાખથી વધુ નાણાંની હેરફેર માટે પોલીસ રક્ષણ આપવામાં આવે છે જે માટે બ્રાંચ મેનેજરનો સંપર્ક કરો.

# વેજાગામ-વાજડીગઢના વિકાસના રસ્તા ખુલશેઃ ટીપી સ્કીમ જાહેર કરતું રૂડા

## નવા બ્લુ ઈન્ફ્રા. માટે કન્સલ્ટન્ટઃ કાંગશીયાળી તરફ ૪૫ મીટરનો રસ્તો બનાવવા દરખાસ્ત મંજૂર

રાજકોટ, તા.૨૫

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની ૧૭૪મી બોર્ડ બેઠક ચેરમેન ડી.પી.દેસાઈની અધ્યક્ષતામાં આજે મળી હતી. જેમાં રાજકોટ મનપાની હદ બહાર આવેલા છતાં રાજકોટ સાથે જોડાયેલા વિકસતા ગામો માટે નવી ટીપી સ્કીમ બનાવવાના ઈરાદા જાહેર થયા છે. સતામંડળની તૃતીય મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજના બનાવવા મંજૂરી અપાઇ છે.



કાલાવડ રોડ પર વેજાગામ-વાજડીગઢ, કુવાડવા રોડ અને અમદાવાદ રોડને જોડતા સોખડા અને માલીયાસણ ગામ, વોર્ડ નં.૩ના છેડે મોરબી રોડને જોડતા રોણકી અને મનહરપુર ગામની ટીપી સ્કીમો બનાવવાનું કામ શરૂ થાય એટલે આ નવા વિસ્તારોના વિકાસના દ્વાર ખુલશે. જેમાં વેજા અને વાજડીગઢ માટે નવા આયોજન શરૂ થશે. આજની મીટીંગમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ હેઠળ સત્તામંડળની સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.-૮૦ (વેજાગામ-વાજડીગઢ) બનાવવાનો ઈરાદો જાહેર કરવા, સત્તામંડળની સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.-૮૧ (વેજાગામ) બનાવવાનો ઈરાદો જાહેર કરવા અને સત્તામંડળની સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.-૮૨ (વેજાગામ) બનાવવાનો ઈરાદો જાહેર કરવા અંગે મંજૂરી અપાઇ છે.

રૂડા વિસ્તારની મંજુર થયેલી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૧(સોખડા-માલીયાસણ)ની પ્રારંભિક નગર રચના યોજનાની ટીપીઓ દ્વારા તૈયાર કરાયેલ કામચલાઉ પુનરચનાની દરખાસ્તો અને નગર રચના યોજના નં.૩૮/૨ (મનહરપુર-રોણકી)ની પ્રારંભિક નગર રચના યોજનાની ટીપીઓ દ્વારા તૈયાર કરાયેલ કામચલાઉ પુનરચનાની દરખાસ્તોને પરામર્શ આપવા મંજૂરી આપવામાં આવી છે.

બ્લુ ઈન્ફ્રાસ્ટ્રકચર : સત્તામંડળની વિકાસ યોજના અંતર્ગત બ્લૂ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે કધસલ્ટન્સીની નિમણુક કરવા મંજૂરી અપાઈ છે. એટલે કે ભુતકાળમાં જીવંત રહેલા અને હજુ જીવંત થઇ શકે તેવા જળસ્ત્રોત શોધવા મેપીંગ સહિતની કામગીરી કરવા નિર્ણય લેવાયો છે.

નવો રોડ બનશેઃ રૂડા હસ્તકના કાંગશિયાળી ગામે નેશનલ હાઈવે-૨૭ (ખોડિયાર હોટલ)થી કાંગશિયાળી ગામના ગેટ તરફ ૪૫.૦મી. ડી.પી. રસ્તાના બાંધકામને રૂડાની બોર્ડ બેઠકમાં મંજૂરી અપાઇ છે.

આવાસ રદ્દ થશેઃ રૂડાના પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત વિવિધ સાઇટ ખાતે ફાળવેલ આવાસના લાભાર્થીઓ દ્વારા આવાસના દસ્તાવેજ કરાવતા ન હોય તેવા લાભાર્થીઓના આવાસની ફાળવણી રદ્દ કરવા બોર્ડ દ્વારા મંજુરી આપવામાં આવી છે. ઉપરાંત રૂડાના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના વાર્ષિક હિસાબોને બહાલી આપવામાં આવી હતી.

આ મીટીંગમાં રિઝીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસિપાલીટી મહેશ જાની, જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, રૂડાના સી.ઈ.એ. જી.વી.મીયાણી, કલેકટરના પ્રતિનિધિ તરીકે ચાંદની પરમાર, મુખ્ય નગર નિયોજકના પ્રતિનિધિ તરીકે કે.આર.સુમરા તથા કોર્પો.ના સીટી એન્જી.કે.કે.મહેતા હાજર રહેલ હતા.

# દિવાળી પર આકાશમાં થશે વર્લ્ડ વોર, સ્કાય ફેન્સી સેવન શોર્ટ, પંચ અવતારના ધૂમધડાકા

## લાલમીર્ચી, ગોલ્ડન ઓક્ટોપસ અસરફી, બબલ બીઝ, હેલી કોપ્ટર સહિતના અઢળક ફટાકડા બજારમાં ઉપલબ્ધ

રાજકોટ, તા.૨૫

દિવાળીના મહાપર્વને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે દરેક ઘરોમાં દિવાળીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ઘરની સાફ-સફાઈથી લઇ નવા કપડા, બુટ, જ્વેલરીની ખરીદી તેમજ ઘર સુશોભન માટે લાઇટ, કંડીલ, સીરીઝ ઈલેકટ્રોનીક દિવા સહિતની ખરીદી પણ શરૂ થઇ ચૂકી છે. સવારથી સાંજ સુધી બજારોમાં લોકોની ભારે ભીડ જોવા મળે છે ત્યારે જેના વગર દિવાળી નાનાથી મોટેરાઓ માટે અધુરી છે તેવા ફટાકડાનું વેચાણ પણ શરૂ થઇ ગયું છે.

હોલસેલ બજારમાં ફટાકડાની ખરીદી મહિના પૂર્વે જ કરવામાં આવી હતી. ત્યારે હવે રીટેઇલ બજારમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. બીજી બાજુ આ



વખતે તંત્ર ફાયર એનઓસીના નિયમો ખુબ કડક થઇ ગયેલ છે. આથી રીટેઇલ બજારમાં ખૂબ ઓછી ઘરાકી જોવા મળી રહી છે.

દર વર્ષે ફટાકડામાં નવી વેરાયટી જોવા મળતી હોય છે તેવી જ રીતે આ વખતે પણ નાના બાળકોથી માંડે મોટેરાઓ ખુશ થઇ જાય તેવા વિવિધ પ્રકારના ફટાકડા બજારમાં આવ્યા છે. જેમાં આકાશ ફલેશ, વર્લ્ડવોર, લાલમીર્ચી, ગોલ્ડન ઓક્ટોપસી, જમ્પર સીરીઝ, બ્લુ હેવન, વાયોલેટ, પીન્ક



ફેન્ટસી, ઓરેન્જ વર્લ્ડ, પીકોક ડેઝટ, ફેન્ટસી ફીશ, જમીની ફટાકડામાં તળતળીયા, ચીરકુટ, બટર ફ્લાય, ફ્લેશ ગન, પીકોક, અરફી, બબાલબીઝ, જમ્પર, હેલીકોપ્ટર, ડ્રોન, કેમેરા ફ્લેશ, આકાશી આતીશબાજીમાં વર્લ્ડવોર, સ્કાય ફેન્સી, એવન શોર્ટ, પંચ અવતાર સહિતના ફટાકડા ઉપલબ્ધ છે. બાળકો માટે ફુલઝર, શંભુ, ચકરી, પોપપોપ અને યુવાનો માટે આકાશી શોટ્સનું વેચાણ વધુ છે.

# રૂડા વિસ્તારમાં નદી, નાળા, વોંકળા સહિતના વોટર-વે ખોલવા કાર્યવાહી



## દબાણોનો પણ અભ્યાસ કરવા સલાહકાર રોકવા ઠરાવ કરાયો

રાજકોટ,તા.૨૫

રૂડાની આજની બોર્ડ બેઠકમાં નદીના જુના વહેણ ખોલવા અને જળસ્ત્રોત જીવંત કરવા માટે સલાહકાર નિમવા નિર્ણય લેવાયો છે. રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા બ્લુ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સર્વે કરવા કેન્દ્ર સરકારની નવી દિલ્હી સ્થિત કધસલ્ટન્ટ એજન્સીની નિમણુંક કરવાની દરખાસ્તને બહાલી આપવામાં આવી હતી.

હવે ટૂંક સમયમાં એજન્સી દ્વારા રૂડા વિસ્તારમાં આવતા તમામ નદી, નાળા, વોંકળા, નહેર, વોટર-વે સહિતનો ઉંડાણપૂર્વક સઘન સર્વે કરી ડિટેઇલ રિપોર્ટ તૈયાર કરાશે જેથી ક્યાં આગળ પાણીના વ્હેણ અવરોધાય છે. તેની જાણકારી મળશે અને તેના પરિણામ સ્વરૂપે ભવિષ્યમાં ચોમાસામાં વરસાદી પાણીને અવરોધ થવાની કે રસ્તાઓ ઉપર પાણી ભરાવાની સમસ્યાનો ઉકેલ મળશે. જે કોઈ સ્થળે દબાણો કે ગેરકાયદે બાંધકામોને કારણે પાણી અવરોધાતુ હશે ત્યાં ડિમોલિશન કરવાનું પણ આયોજન છે. ગુગલ મેપથી મૂળ સ્થિતિ અને રૂબરૂ સ્થળ તપાસની હાલની સ્થિતિની તુલનાત્મક સમીક્ષા થશે તેમ મીટીંગમાં નકકી કરાયું હતું.

# ભારત વિશ્વમાં સૌથી મોટું વિકસતું અર્થતંત્ર, GDP ૭% જેટલો રહે તેવો અંદાજઃ IMFનો રિપોર્ટ

### ભારતના બૃહદ્ આર્થિક ફન્ડામેન્ટલ્સ મજબૂત હોવાનું પણ નિરીક્ષણ

રાજકોટ, તા.૨૫

વિશ્વમાં ભારત સૌથી મોટું વિકસતુ અર્થતંત્ર જળવાઈ રહ્યું છે એમ ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ (આઈએમએફ)ના એક સીનિયર અધિકારીએ જણાવ્યું હતું અને ભારતના બૃહદ્? આર્થિક ફન્ડામેન્ટલ્સ મજબૂત હોવાનું નિરીક્ષણ કર્યું હતું.

વિશ્વમાં ભારત સૌથી મોટું વિકસતુ અર્થતંત્ર જણાય છે. સાનુકૂળ લણણીને કારણે ગ્રામ્ય માગમાં રિકવરીના ટેકા સાથે નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતનો આર્થિક વિકાસ દર સાત ટકા રહેવા અમારો અંદાજ છે.

ખાદ્યાખોરાકીના ભાવમાં સામાન્યતા સાથે વર્તમાન નાણાં વર્ષમાં ફુગાવો ઘટી ૪.૪૦ ટકા રહેવા અપેક્ષા હોવાનું આઈએમએફ એશિયા પેસિફિક ડીપાર્ટમેન્ટના ડાયરેકટર કૃષ્ણા



શ્રીનિવાસને પીટીઆઈને એક મુલાકાતમાં જણાવ્યું હતું.

ચૂંટણીઓ છતાં, રાજકોષિય શિસ્તતા તેના પંથે છે. રિઝર્વનું સ્તર સારુ છે. ભારત માટે મેક્રો ફન્ડામેન્ટલ્સ સારા છે, એમ પણ તેમણે જણાવ્યું હતું. ચૂંટણી બાદ ભારતમાં સુધારા અગ્રતાઓ ત્રણ ક્ષેત્રોમાં હોવી જરૂરી છે. ભારતમાં રોજગાર નિર્માણ એક મુદ્દો રહેલો છે. આ સંદર્ભમાં મને લાગે છે કે, શ્રમ કાયદાનો અમલ થવો જરૂરી છે, કારણ કે તેનાથી લેબર માર્કેટમાં લવચિકતા જોવા મળશે એમ તેમણે જણાવ્યું હતું.

જો તમારે સ્પર્ધાત્મક બનવું હશે તો, હાલની કેટલીક વેપાર મર્યાદાઓ દૂર કરવાની રહેશે. આ ઉપરાંત માળખાકીય સુધારા પણ ચાલુ રાખવાના રહેશે એટલું જ નહીં કૃષિ તથા જમીન સુધારા પર પણ ધ્યાન આપવાનું તેમણે જણાવ્યું હતું.

શિક્ષણ તથા સ્કિલિંગ સંદર્ભે પણ વિચારવાનું તેમણે સૂચન કર્યું હતું. કાર્યબળમાં કુશળતા લાવવા માટે ઈન્વેસ્ટમેન્ટની જરૂરત પર ભાર આપતા શ્રીનિવાસને જણાવ્યું હતું કે, કોઈ અર્થતંત્ર જે સેવા ક્ષેત્રમાં બહુબધા રોજગાર નિર્માણ કરી શકે છે ત્યાં, ખરા પ્રકારની કુશળતા હોવી મહત્વની છે. માટે શિક્ષણ તથા કાર્યબળમાં કુશળતા પાછ ઈન્વેસ્ટ કરવાનું ઘણું જ જરૂરી છે.

રાજકોટ, તા.૨૫

વિશ્વમાં ભારત સૌથી મોટું વિકસતુ અર્થતંત્ર જળવાઈ રહ્યું છે એમ ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ (આઈએમએફ)ના એક સીનિયર અધિકારીએ જણાવ્યું હતું અને ભારતના બૃહદ્? આર્થિક ફન્ડામેન્ટલ્સ મજબૂત હોવાનું નિરીક્ષણ કર્યું હતું.

વિશ્વમાં ભારત સૌથી મોટું વિકસતુ અર્થતંત્ર જણાય છે. સાનુકૂળ લણણીને કારણે ગ્રામ્ય માગમાં રિકવરીના ટેકા સાથે નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતનો આર્થિક વિકાસ દર સાત ટકા રહેવા અમારો અંદાજ છે.

## રાજકોટ-ગોરખપુર વચ્ચે ફેસ્ટિવલ ટ્રેન દોડશે



રાજકોટ,તા.૨૫

આગામી તહેવારોની સિઝનમાં મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ રાજકોટથી ગોરખપુર વચ્ચે સાપ્તાહિક એક્સપ્રેસ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય કર્યો છે.

ટ્રેન નંબર ૦૯૫૯૭/૦૯૫૯૮ રાજકોટ-ગોરખપુર એક્સપ્રેસ ફેસ્ટિવલ સ્પેશિયલ (સાપ્તાહિક) (૧૦ ટ્રીપ્સ) ટ્રેન નં. ૦૯૫૯૭ રાજકોટ-ગોરખપુર સ્પેશિયલ ટ્રેન રાજકોટથી દર બુધવારે ૧૫.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨૧.૩૦ કલાકે ગોરખપુર પહોંચશે. આ ટ્રેન 30 ઓક્ટોબરથી ૨૭ નવેમ્બર, ૨૦૨૪ સુધી ચાલશે. તેવી જ રીતે રિટર્ન મુસાફરીમાં ટ્રેન નં. ૦૯૫૯૮ ગોરખપુર-રાજકોટ સ્પેશિયલ ટ્રેન ગોરખપુરથી દર શુક્રવારે ૦૧.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૦.૦૦ કલાકે રાજકોટ પહોંચશે.

આ ટ્રેન ૧ નવેમ્બરથી ૨૯ નવેમ્બર, ૨૦૨૪ સુધી ચાલશે. મુસાફરી દરમિયાન આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવારા, ફાલના, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધી નગર જયપુર, દૌસા, બાંદીકુઈ, ભરતપુર, આગ્રા ફોર્ટ, ટુંડલા, શિકોહાબાદ, ઈટાવા, ગોવિંદપુરી, ઉન્નાવ, લખનૌ, બારાબંકી, ગોંડા અને બસ્તી સ્ટેશન ખાતે સ્ટોપ કરશે. આ સ્પેશિયલ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ કોચ હશે.

## અયોધ્યા ચોકથી અનેક સોસાયટીને જોડતો રસ્તો ડામરથી મઢાશે

**વોર્ડ નં.૩માં ૧૫૦ ફુટ રોડથી એચસીજી તરફ જતા રોડ પર ૧.૧૦ કરોડના ખર્ચે પેવરનું કામ શરૂ કરાવતા ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા**

રાજકોટ, તા.૨૫

શહેરના જુદા જુદા વિસ્તારમાં નવા ડામર કામોનો પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે ડે.મેયરના વોર્ડ નં.૩માં ૧૫૦ ફુટ રોડના અયોધ્યા ચોકથી એચસીજી હોસ્પિટલના રસ્તાને નવો નક્કોર ડામરથી મઢવાના કામનો પ્રારંભ થયો છે. જેનાથી મોટા રહેણાંક વિસ્તારના લોકો અને અવરજવર કરતા નાગરિકોને રાહત થશે.વોર્ડ નં.૩માં અયોધ્યા ચોકથી એચ.સી.જી. હોસ્પિટલ સુધી અંદાજીત રૂ.૧.૧૧ કરોડના ખર્ચે થનાર ડામર રોડનુ ખાતમુહૂર્ત ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજાના હસ્તે કરવામાં ₹ આવ્યું હતું.









આ રસ્તો બનવાથી એચ.સી.જી. હોસ્પીટલ, સીનર્જી હોસ્પિટલ ખાતે આવનાર મુલાકાતીઓ તેમજ આસ્થા સોસાયટી, આસ્થા એન્કલેવ, મૃદિત હાઇટ્સ, સીતારા હાઇટ્સ, સહિત આસપાસના વિસ્તારોના રહેવાસીઓ તથા રાહદારીઓની સુવિધામા વધારો થશે.

આ પ્રસંગે વોર્ડ નં.૩ના કોર્પોરેટરો કુસુમબેન ટેકવાણી અને અલ્પાબેન દવે, ભાજપ અગ્રણીઓ સુનિલભાઈ ટેકવાણી, દિપકભાઈ દવે, સિનર્જી હોસ્પિટલ તેમજ એચ.સી.જી. હોસ્પીટલના ડોકટરો તથા સ્ટાફ, આજુબાજુની સોસાયટીના આગેવાનો તેમજ બહોળી સંખ્યામાં લતાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એમ્બ્યુલન્સની વ્યુહાત્મક ગોઠવણી સાથે કોલ સેન્ટર અને ફીલ્ડના કર્મચારીઓ 24X7 ઉપલબ્ધ રહેશે

રાજકોટ તા.૨૪

ગુજરાત દિવાળીના ઉત્સવની ધામધૂમથી ઉજવણી માટે તૈયાર છે. દિવાળીના તહેવારનો ઉમંગ ત્રણ મુખ્ય દિવસો પર કેન્દ્રિત છે દિવાળી, ગુજરાતી નવું વર્ષ અને ભાઈબીજ. ગુજરાત સરકારના ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ સેવા દ્વારા આ દિવસોમાં રાજ્યભરમાં આપતકાલીન બનાવો બનવાની સંભાવના અંગે આગોતરૂં આયોજન કરાયું છે.

જે મુજબ આ વર્ષે દિવાળી પર ૪૬૧૮ (સામાન્ય દિવસોની સરખામણીએ ૨.૫૩% વધારે), નવા વર્ષના દિવસે ૫૨૩૧ (સામાન્ય દિવસોની સરખામણીએ ૧૬.૧૪% વધારે) અને ભાઈબીજ પર ૫૦૯૩ (સામાન્ય દિવસોની સરખામણીએ ૧૩.૦૮% વધારે) અકસ્માતોની શકયતા દર્શાવાઈ છે. રોડ અકસ્માત દિવાળીએ ૭૯૫, નવા વર્ષના દિવસે ૧૧૨૩ અને ભાઈબીજ પર ૭૧૭, શારીરિક હુમલાઓ દિવાળીએ ૨૯૯, નવા વર્ષના દિવસે ૨૮૭ અને ભાઈબીજ પર ૧૮૩, પડી




જવાથી ઈજા દિવાળીએ ૨૨૮, નવા વર્ષના દિવસે ૨૩૮ અને ભાઈબીજ પર ૨૨૭, દાઝવાના કેસ દિવાળીએ ૨૩, નવા વર્ષના દિવસે ૧૩ અને ભાઈબીજ પર ૧૦ ઘટના બનવાની શકયતા છે.૧૦૮ ટીમ ઈમરજન્સી કોલ વોલ્યુમના આ સંભવિત વધારાની પડકારજનક પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. એમ્બ્યુલન્સની વ્યુહાત્મક ગોઠવણીની વ્યવસ્થા ઘડવામાં આવી છે. જેથી, આપતકાલીન સેવાઓ ઝડપથી ઉપલબ્ધ થાય. તહેવાર દરમિયાન કોલ સેન્ટર અને ફીલ્ડ સ્ટાફના મોટા ભાગના કર્મચારીઓ ફરજ પર રહેશે અને ઓછામાં ઓછી રજાઓ મંજૂર કરવામાં આવશે. સુપરવાઈઝરી સ્ટાફ ૨૪૭ ઉપલબ્ધ રહેશે. જેથી, હોસ્પિટલ અને ફીલ્ડ ઓપરેશન વચ્ચે સુમેળ અને સંકલન જળવાઈ રહે. ૧૦૮ ટીમ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને આપતકાલીન પરિસ્થિતિમાં ઝડપથી પ્રતિસાદ આપવા સજ્જ છે, તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની યાદીમાં જણાવાયું છે. ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ સેવાના સી.ઓ.ઓ.શ્રી જશવંતભાઈ પ્રજાપતિનો દિવાળી પર્વ નિમિત્તે શુભેચ્છા સંદેશ ``૧૦૮-ઈ.એમ.એસ. તરફથી હું તમામ નાગરિકોને સુરક્ષિત અને સમૃદ્ધ દિવાળી માટે શુભેચ્છા પાઠવું છું. તહેવારની ઉજવણીમાં મગ્ન થતી વેળાએ, નાગરિકોને થોડા જરૂરી પગલાં લેવા વિનંતી કરું છું. દિવાળી દરમિયાન માર્ગ અકસ્માતોના મોટા પ્રમાણમાં બનાવો જોવા મળતા હોવાથી, હું નમ્ર વિનંતી કરું છું કે તમે સાવચેત અને સુરક્ષિત રીતે મુસાફરી કરો. પેટ સંબંધિત સમસ્યાઓ ટાળવા માટે ગુણવત્તાવાળો અને પૂરતા પ્રમાણમાં આહાર લેવો પણ મહત્વનો છે. ઉપરાંત, તમારી આસપાસ શાંતિપૂર્ણ વાતાવરણ રાખીને શારીરિક ઝઘડાઓ અટકાવવાનો પ્રયાસ કરવો.

**તહેવારોમાં રાજ્યભરમાં આપતકાલીન બનાવો બનવાની સંભાવના અંગે આગોતરૂં આયોજન**

આ સરળ પગલાં આપતકાલીન પરિસ્થિતિઓને ટાળવામાં મદદરૂપ થશે. જો આપાતકાલીન પરિસ્થિતિ સર્જાય, તો તરત જ ૧૦૮ પર સંપર્ક કરીને કોઈપણ નાગરિક ૨૪૭ તાત્કાલિક મદદ મેળવી શકે છે. ૧૦૮-ઈ.એમ.એસ.ની ટીમ તહેવાર દરમિયાન નાગરિકોની સલામતી અને આરોગ્ય માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. સુરક્ષિત અને સુખદ દિવાળીની શુભકામનાઓ!``

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ગ્રીન કોરીડોરની શરૂઆત

### મોબાઈલથી કેસ કઢાવનારને મફ્ત કેસ અને ગ્રીન કલરની ફાઈલ અપાશે

રાજકોટ તા.૨૫

સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ માટે નવી સુવિધા શરૂ કરવામાં આવી છે. દૈનિક સારવાર માટે આવતા દર્દીઓ પાસે આભાકાર્ડ અને પીએમજેએવાય કાર્ડ હશે. તેઓ માટે ગ્રીન કોરીડોરની શરૂઆત કરવામાં આવી છે.આ સવલતથી દર્દીઓને કેસ કઢાવવામાંથી અને દવા બારીમાં લાઈનમાં ઉભા રહેવાથી મુક્તિ મળશે.સરકારી હોસ્પિટલમાં આભાકાર્ડ અને પીએમજેએવાય કાર્ડ સાથે આવતા દર્દીઓ માટે અલગથી કેશ બારી બનાવવામાં આવી છે. દર્દીઓ પાસે પીએમજેએવાય કાર્ડ હશે તે કેસ બારીએ બતાવવાથી મફત કેસ કાઢી ગ્રીન




કલરની ફાઈલ આપવામાં આવશે. જે ફાઈલ સાથે દર્દી કોઈપણ ડોક્ટર પાસે લાઇનમાં ઉભા રહ્યા વગર નિદાન કરી શકાશે. આવી જ રીતે દવાબારીમાં પણ લાઈનમાં ઉભા રહ્યા વગર દવા મળશે. આ ઉપરાંત આભાકાર્ડથી જે લોકો મોબાઈલથી કેસ કઢાવશે તો તેમને પણ ગ્રીન ફાઈલ આપવામાં આવશે. જેની ઉપર ઓપીડીમાં મફતમાં ફાઈલ કાઢી આપવામાં આવશે અને લાઈનમાં પણ ઉભા રહેવું પડશે નહી.દાખલ દર્દી પાસે પીએમજેએવાય કાર્ડ હશે તેને પણ આ સવલત આપવામાં આવશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા અંતે ૧૩ ફેકલ્ટીના ડીનની નિયુક્તિ

રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિ.દ્વારા અંતે નવા સ્ટેચ્યુટ મુજબ યુનિ.ની ૧૪માંથી ૧૩ ફેકલ્ટીના ડીનની નિયુક્તિ કરી દેવામાં આવી છે.જેમાં એજયુકેશન ફેરલ્ટીમાં ડો.નિદિત બારોટ લો ફેકલ્ટીમાં ડો.મયુરસિંહ જાડેજા, આર્ટસમાં ડો.નયનાબેન પટેલ, લાયન્સમાં ડો.કલ્પેશ ગણાત્રા મેડીલીનમાં ડો.જતીન ભટ્ટ, કોમર્સમાં ડો.પ્રિતીબેન ગણાત્રા મેનેજમેન્ટમાં ડો. સંજયભાઈ ભાપાણી, આર્કીટેકચરમાં દેવાંગભાઈ પારેખ હ્યુમેનીટીસ અને સોશ્યલ સાયન્સમાં ડો.પુરોહિત કોમ્પ્યુટર લાયન્સમાં ચંદ્રેશ કુંભારાણા, રૂરલ સ્ટડીગેમાં ડો.નટવરલાલ ઝાટકીયા અને હોમ લાયન્સમાં ડો.દક્ષાબેન મહેતા અને લાઈફ લાયન્સમાં રાહુલ કુંડૂની ડીન તરીકે નિયુકિત કરવામાં આવી છે.હવે તબકકાવાર અલગ-અલગ બોર્ડની રચના માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બામણબોરમાં રૂા.૫૦ લાખની સરકારી જમીન દબાણ મુકત કરાવતા રાજકોટ તાલુકા મામલતદાર



### સર્વે નં.૫૨ પૈકીની એક હજાર ચો.મી.જમીન ખુલ્લી કરાવાઈ

રાજકોટ,તા.૨૫

છેલ્લા કેટલાક સમયથી રાજકોટ જિલ્લા કલેકટરની સુચના મુજબ શહેર તાલુકાનાં મામલતદારો સરકારી જમીન ઉપરનાં દબાણો ધડાધડ હટાવી અને કરોડો રૂપિયાની જમ ન ખૂલ્લી કરાવી રહ્યા છે. ત્યારે, રાજકોટ તાલુકા મામલતદારે વધુ એક ઓપરેશન ડિમોલીશન હાથ ધરી લાકો રૂપિયાની જમીન ખુલ્લી કરાવી હતી.આ અંગેની વિગતો જણાવતા રાજકોટ તાલુકા મામલદાર કે.એમ.મકવાણાએ જણાવેલ હતું કે, રાજકોટ તાલુકાનાં બામણબોર સર્વે નં.૫૨ પૈકીની અને જી.આઈ.ડી.સી.બાજુની અંદાજીત રૂા.૫૦ લાખની કિંમતની ૧૦૦૦ ચો.મી.સરકારી જમીન ઉપર લાંબાસમયથી ખડકાઈ ગયેલ દુકાન રોડ અને ચાની કેન્ટીનનાં દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવાયુ હતું.

અહીંયા દબાણ કરનારા દબાણ કર્તાઓને તંત્રએ અગાઉ નોટીસ આપી સ્વૈચ્છિક રીતે દબાણ હટાવી દેવા સુચના આપી હતી. છતા નિયત સમયમાં દબાણ નહી હટાવાતા તાલુકા મામલતદારની ટીમે આ દબાણો આજે હટાવી દિધા હતાં.

### ખેડૂતોના હિતમાં સરકારનો મોટો નિર્ણય

# બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ પર પ્રતિબંધ અને MEP હટાવી

કેન્દ્ર સરકારે તહેવાર ટાણે ખેડૂતોની હિતમાં મોટો નિર્ણય લીધો છે. સરકારે બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ પર પ્રતિબંધ હટાવ્યા બાદ લઘુત્તમ નિકાસ કિંમત () પણ દૂર કરી દીધી છે. સરકારે કોમોડિટીની નિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ પર લાગુ પડતા ટન દીઠ ૪૯૦ ડૉલરની દૂર કરી છે.

ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ () દ્વારા એક સત્તાવાર સૂચનામાં જણાવાયું છે કે, બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ માટેની ની જરૂરિયાતને તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવી છે. ઉલ્લેખનિ છે કે, આ પહેલા ૨૮ સપ્ટેમ્બરના રોજ સરકારે બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ ઉઠાવી લીધો હતો અને નિકાસ માટે લાગુ કરી હતી.

સરકારે ૨૦ જુલાઈ-૨૦૨૩ના રોજ બિન-બાસમતી ચોખાની નિકાસ પર પ્રતિબંધ લાદ્યો હતો. હવે તેના પરનો



કોઈપણ પ્રતિબંધ હટાવી દેવાયો છે. આ પગલાં એવા સમયે લેવામાં આવ્યા છે જ્યારે દેશમાં સરકારી ગોડાઉનોમાં ચોખાનો પૂરતો સ્ટોક છે અને છૂટક કિંમતો પણ નિયંત્રણમાં છે. સરકારના આ નિર્ણયને કારણે દેશના અનેક ખેડૂતોની આવકમાં વધારો થશે.

આ પહેલા સરકારે નિકાસને પ્રોત્સાહન આપવા અને ખેડૂતોની આવક વધારવા માટે બાસમતી ચોખાની લઘુત્તમ નિકાસ કિંમત ખતમ કરી હતી.

દેશમાં આ વર્ષમાં એપ્રિલ-ઑગસ્ટ દરમિયાન ૨૦.૧ કરોડ ડોલરના બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ કરવામાં આવી હતી. ૨૦૨૩-૨૪માં આ આંકડો ૮૫.૨૫ કરોડ ડૉલર હતો.

નિકાસ પર પ્રતિબંધ હોવા છતાં સરકાર મિત્રતાના આધારે માલદીવ, મોરેશિયસ, સંયુક્ત આરબ અમીરાત અને આફ્રિકન દેશોમાં ચોખાની નિકાસને મંજૂરી આપી રહી હતી. ચોખાની આ વિવિધતાનો ભારતમાં વ્યાપકપણે ઉપયોગ થાય છે અને વૈશ્વિક બજારોમાં પણ તેની માંગ છે. ખાસ કરીને એવા દેશોમાં જ્યાં મોટા પ્રમાણમાં ભારતીય પ્રવાસીઓ રહે છે.કેન્દ્ર સરકારે તહેવાર ટાણે ખેડૂતોની હિતમાં મોટો નિર્ણય લીધો છે. સરકારે બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ પર પ્રતિબંધ હટાવ્યા બાદ લઘુત્તમ નિકાસ કિંમત () પણ દૂર કરી દીધી છે. સરકારે કોમોડિટીની નિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ પર લાગુ પડતા ટન દીઠ ૪૯૦ ડૉલરની દૂર કરી છે. ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ () દ્વારા એક સત્તાવાર સૂચનામાં જણાવાયું છે કે, બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ માટેની ની જરૂરિયાતને તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવી છે. ઉલ્લેખનિ છે કે, આ પહેલા ૨૮ સપ્ટેમ્બરના રોજ સરકારે બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ ઉઠાવી લીધો હતો અને નિકાસ માટે લાગુ કરી હતી.

## ઓનલાઈન સેવા માટે OTP ટ્રેસીંગની સુવિધા ૧ માસ પાછળ ઠેલાય તેવી શકયતા




નવી દિલ્હીઃ ટેલીકોમ અને બેન્કીંગ ઈ-કોમર્સ તથા અન્ય ડિજીટલ વ્યવહારોમાં વન-ટાઈમ પાસવર્ડ (ઓટીપી) ખૂબજ મહત્વના બની ગયા છે અને આ ઓટીપીના આધારે જ ફ્રોડ પણ થાય છે તેવી ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડીયાએ હવે કોઈપણ પ્રકારના ટ્રાન્જેકશન કે સર્વિસ માટે જે ઓટીપી સેવા છે તેને ટ્રેસેબલ બનાવી શકાય એટલે કે તે મુળભૂત રીતે કોણે કયાં નંબર પરથી મોકલાયા છે તે નિશ્ચિત કરીને ફ્રોડ માટે મોકલાતા ઓટીપી રોકી પણ શકાય તેવું મિકેનીઝમ તા.૧ નવે.થી લાગુ કરવામાં હવે ફરી વિલંબ થઈ શકે છે.

દેશની ત્રણ મુખ્ય ટેલીકોમ કંપનીઓ રીલાયન્સ જીયો, ભારતી એરટેલ તથા આઈડીયા-વોડાફોનમાં ટ્રાઈને એક પત્ર લખીને જણાવ્યું કે તેમાં આ પ્રકારની મેસેજ-બ્લોકીંગ સુવિધા માટે તૈયાર છે.

હજુ ટેલીમાર્કેટીંગ કંપનીઓ જે ઈ-કોમર્સ સહિતના વ્યાપારમાં કાર્યરત છે. તેઓએ હજુ આ માટે તેની સિસ્ટમ અપડેટ કરી નથી. જેથી ટ્રેસેબીલીટીના આદેશમાં વિધ્ન સર્જાય તેવી શકયતા છે.

બેન્કો-નાણાકીય સંસ્થાઓ કે પછી માન્ય એજન્સીઓ જે ઓટીપી મોકલે છે તેણે ટ્રેસેબીલીટી સીસ્ટમ ગોઠવી છે. જેનાથી ટેલીકોમ કંપનીઓ હવે તે સિવાયના મેસેજોને સ્પામ કેટેગરીમાં મુકીને તે ચેતવણી પણ આપે છે અને શંકાસ્પદ મેસેજ હોવાનું જણાવી મેળવનાર માટે ચેતવણી જેવું કામ કરે છે.

આ દેશમાં જે રીતે હજારો ટેલીમાર્કેટીંગ કંપનીઓ કાર્યરત છે તેમાં નહી નોંધાયેલા નંબર પરથી પણ આ પ્રકારે મેસેજ મોકલતી હતી અને તેથી તેના મેસેજને અલગ તારવી કે ટ્રેસ કરી શકાય તેવી સ્થિતિ હજુ નિશ્ચિત કરી શકાતી નથી.

## ટોચના દસ દેશોમાંથી આઠ ખાતે ભારતની નિકાસમાં વધારો જોવાયો

નવી દિલ્હીઃ વાણિજ્ય વિભાગના ડેટા દર્શાવે છે કે ભૌગોલિક રાજકીય પડકારો અને સ્થિર વૈશ્વિક માંગ હોવા છતાં, નેધરલેન્ડ, યુએસ અને યુકે સહિત ટોચના ૧૦ નિકાસ કેન્દ્રોમાં ભારતની નિકાસ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં વધી છે.જોકે, એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન ચીન અને દક્ષિણ આફ્રિકામાં નિકાસ અનુક્રમે ૯.૪ ટકા અને ૨.૩ ટકા ઘટી હતી. આ સમયગાળા દરમિયાન ભારતની કુલ નિકાસ નજીવી રીતે ૧ ટકા વધીને ૨૧૩.૨ અબજ ડોલર થઈ છે. સપ્ટેમ્બર માટે અલગથી નિકાસના આંકડા ઉપલબ્ધ નથી, પરંતુ છેલ્લા કેટલાક મહિનાની સ્થિતિ દર્શાવે છે કે ભારતના બીજા સૌથી મોટા વેપારી ભાગીદાર ચીનમાં નિકાસ ધીમી પડી છે. જે દેશોમાં નિકાસ વધી છે તેમાં અમેરિકા (૫.૬ ટકા), સંયુક્ત આરબ અમીરાત (૧૧.૪ ટકા), નેધરલેન્ડ (૩૬.૭ ટકા), બ્રિટન (૧૨.૪ ટકા), સિંગાપોર (૨ ટકા), સાઉદી અરેબિયા (૩.૬ ટકા), બાંગ્લાદેશ (૧.૫ ટકા)નો સમાવેશ થાય છે.




અમેરિકા ભારતનું સૌથી મોટું નિકાસ કેન્દ્ર બની રહ્યું છે. તે પછી યુએઈ અને નેધરલેન્ડ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના એપ્રિલની શરૂઆતમાં ૨ ટકાનો વધારો થયો હતો. તે પછી મે મહિનામાં નિકાસમાં ૧૩ ટકાની મજબૂત વૃદ્ધિ નોંધાઈ હતી. ત્યારબાદ જૂન દરમિયાન વૃદ્ધિ ધીમી પડીને ૨.૫ ટકા થઈ હતી, ત્યારબાદ જુલાઈ અને ઓગસ્ટમાં અનુક્રમે ૧.૭ ટકા અને ૯.૩ ટકાનો ઘટાડો થયો હતો. આનું કારણ મંદ માંગ અને પરિવહન અંગેની ચિંતાઓ હતી. સપ્ટેમ્બરમાં નિકાસમાં ૦.૫ ટકાનો વધારો થયો છે.

ભારતના ટોચના ૧૦ આયાત ભાગીદારોમાં, સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)માંથી આયાત ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં સૌથી ઝડપી વૃદ્ધિ પામી છે તેમ વાણિજ્ય વિભાગના ડેટા દર્શાવે છે. વાણિજ્ય વિભાગના જણાવ્યા અનુસાર, યુએઈથી આયાત વાર્ષિક ધોરણે ૫૨ ટકા વધીને ૩૧.૪૫ બિલિયન ડોલર થઈ છે, જ્યારે તમામ દેશોમાંથી ભારતની આયાત ૬ ટકા વધીને ૩૫૦ બિલિયન ડોલર થઈ છે. છેલ્લા કેટલાક મહિનાઓની સ્થિતિ દર્શાવે છે કે પશ્ચિમ એશિયાના દેશોમાંથી આયાત વધી છે, જેનું મુખ્ય કારણ પેટ્રોલિયમ અને સોના, ચાંદી, પ્લેટિનમ જેવી કિંમતી ધાતુઓની આયાતમાં વધારો છે.




Magnificent
4 BHK Flats & Penthouses

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP

@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

KALAVID

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે

## તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**

**અને જોડાઇ જાવ અમારી સાથે...**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

**તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે**
**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઇ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062